**આજનો સુવિચાર**

દયા કરવી એટલે ઉંચે જવું પરંતુ દયાપાત્ર બનવું એટલે પોતાના તેજને ઓછું કરવું

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૮૦ જૂનાગઢ તા.૨૨-૩-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## દિલ્હીમાં મોદી વિરૂધ્ધ પોસ્ટર વોર : આમ આદમી પાર્ટીનાં અનેક કાર્યકરોની ધરપકડ : ૪૪ એફઆઈઆર નોંધાઈ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨

પાટનગર નવી દિલ્હીમાં આમ આદમી પાર્ટી તથા ભાજપ વચ્ચે વધતી જતી ટકકરમાં દિલ્હી સરકારનું બજેટ ૨૪ કલાક રોકયા બાદ ગઈકાલે કેજરીવાલ સરકારને બજેટ રજુ કરવા મંજુરી આપી હતી તે વચ્ચે પાટનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ પોષ્ટર લગાવવા બદલ પોલીસે ૪૪ જેટલી એફઆઈઆર નોંધ્યા બાદ 'આપ' સાથે જોડાયેલા અનેક કાર્યકર્તાઓની ધરપકડ કરી હતી. જો કે આ પોષ્ટર્સમાં ફકત વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રો જ હતા અને કોઈ આપતીજનક કે બદનક્ષી થાય તેવું લખાણ કે ચિત્રો ન હતા મોદી હટાવ દેશ બચાવના સૂત્રો લખાયા હતા. પરંતુ આ પોષ્ટર્સ જાહેર સંપતિઓ પર લગાવ્યા હોવાથી ડિફેસમેન્ટ એકટ હેઠળ આ કાર્યવાહી કરી હતી.

આ પોષ્ટરમાં પ્રિન્ટીંગ પ્રેસ કે પ્રકાશકનું નામ લખાયું ન હતું. પોલીસે પોષ્ટર લગાવનારની ધરપકડ કર્યા બાદ તેમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓના નામ ખુલ્યા હતા અને પોલીસે દરોડા પાડી નારાયણા સ્થિત પ્રિન્ટીંગ પ્રેસમાંથી ૫૦૦૦૦ જેટલા પોષ્ટર્સ કબ્જે કર્યા છે જે છેલ્લા ત્રણ દિવસથી દિલ્હીના અલગ અલગ વિસ્તારમાં લગાવવા માટે મોકલવામાં આવતા હતા.

તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રિન્ટીંગ પ્રેસ એક્ટ અને પ્રોપર્ટી એક્ટની કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ અધિકારીએ




કહ્યું કે જે પોસ્ટરો લગાવવામાં આવ્યા છે તેમાં પ્રિન્ટીંગ પ્રેસની વિગતો નથી. આ સાથે પોલીસે ખુલાસો કર્યો છે કે દિલ્હીમાં આવા ૫૦,૦૦૦ પોસ્ટર લગાવવાની યોજના હતી.

સ્પેશિયલ સીપીએ કહ્યું કે આમ આદમી પાર્ટી ઓફિસમાંથી બહાર નીકળતી વખતે એક વાનને પણ રોકી દેવામાં આવી હતી, જેના કારણે કેટલાક પોસ્ટરો જપ્ત કરવામાં આવ્યા હતા અને ધરપકડો કરવામાં આવી હતી.

## ભારતમાં ફાંસીને બદલે અન્ય વિકલ્પ અંગે સુપ્રિમ કોર્ટ દ્વારા વિચારણા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૨૨

દેશમાં ફાંસીની જગ્યાએ અન્ય કોઈ પીડારહિત મૃત્યુદંડની સજા આપી શકાય કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટ ટૂંક સમયમાં વિચારણા શરૂ કરશે. સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો છે કે આ મામલે નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે આ મામલે આંકડા માંગ્યા છે. સુપ્રીમ કોર્ટે પૂછયું છે કે ફાંસીથી કેટલી પીડા થાય છે, ફાંસીની સજા પર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો શું મત છે, દેશમાં કે વિદેશમાં ફાંસીની સજાના વિકલ્પ અંગે કોઈ ડેટા છે કે કેમ ?

સુપ્રીમ કોર્ટ આ મામલે ૨ મેના રોજ સુનાવણી કરશે. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે અરજીકર્તા અને એટોર્ની જનરલ આર વેંકટરામાણીને કહ્યું કે આ ચિંતાનો વિષય છે, અમને અમારા હાથમાં કેટલાક વૈજ્ઞાનિક ડેટાની જરૂર છે. મહેરબાની કરીને અમને વિવિધ પદ્ધતિઓના કારણે થતી તકલીફો અંગેના કેટલાક અભ્યાસો પ્રદાન કરો.

પીઆઈએલમાં ફાંસી આપવાને બદલે ગોળી મારવા,



ઈન્જેકશન અથવા કરંટ લાગવાનું સૂચન કર્યું છે. અરજદારના વકીલે કહ્યું કે ઓક્ટોબર ૨૦૧૭નો ખૂબ જ વિગતવાર આદેશ છે - સન્માન સાથે મૃત્યુ એ મૂળભૂત અધિકાર છે. જ્યારે કોઈને ફાંસી આપવામાં આવે છે, ત્યારે તે મૃત્યુમાં ગૌરવ છે. જે ગુનેગારનું જીવન સમાપ્ત થવાનું છે તેને ફાંસીનું કષ્ટ હોવુ જોઈએ નહી.

## ભારતમાં તા. ૫ ઓકટોબરથી ક્રિકેટ વર્લ્ડકપનો પ્રારંભ રાજકોટ સહિત એક ડઝન શહેરોમાં મેચ રમાશે

દુબઈ, તા.૨૨: ભારત દ્વારા યોજાનાર ODI વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રથમ વખત હશે જયારે ભારત આ ટુર્નામેન્ટ એકલા હાથે યોજશે. આ ટુર્નામેન્ટ ૫ ઓક્ટોબરથી શરૂ થઈ શકે છે. તે જ સમયે, ફાઈનલ ૧૯ નવેમ્બરના રોજ રમાશે. ટાઈટલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ શકેછે, જે વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ પણ છે.

ESPNcricinfo અનુસાર, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ મેગા ક્રિકેટ ઈવેન્ટ માટે ઓછામાં ઓછા એક ડઝન સ્થળોને શોર્ટલિસ્ટ કર્યા છે, જેમાં બેંગલુરુ, ચેન્નાઈ, દિલ્હી, ધર્મશાલા, ગુવાહાટી, હૈદરાબાદ, કોલકાતા, લખનૌ, ઈન્દોર અને રાજકોટનો સમાવેશ થાય છે.

ટૂર્નામેન્ટમાં ૪૬ દિવસમાં કુલ ૪૮ મેચો રમાશે. જોકે, BCCIએ હજુ સુધી મેચો માટે કોઈ ચોક્કસ સ્થળ કે વોર્મ-અપ મેચો માટે શહેરો નક્કી કર્યા નથી. દેશના અલગ-અલગ ભાગોમાં અલગ-અલગ સમયે ચોમાસાની ઋતુના કારણે આવું થાય છે.

સામાન્ય રીતે, ICC ઓછામાં ઓછા એક વર્ષ અગાઉ વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર કરે છે, પરંતુ BCCI પણ ભારત સરકારની જરૂરી મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. જેમાં પાકિસ્તાન ટીમ માટે ટેક્સમાં છૂટ અને વિઝા ક્લિયરન્સનો સમાવેશ થાય છે. ભારત અને પાકિસ્તાને ૨૦૧૨-૧૩ થી દ્વિપક્ષીય શ્રેણી રમી નથી. ત્યારથી બંને ટીમો માત્ર ICC સ્પર્ધાઓમાં અથવા એશિયન ક્રિકેટ કાઉન્સીલ ટૂર્નામેન્ટમાં એકબીજા સામે રમી છે.

## પાકિસ્તાનમાં ૬.૮ની તિવ્રતાના ભુકંપથી ૯નાં મોત : ૧૦૦ ઈજાગ્રસ્ત

ઈસ્લામાબાદ,તા.૨૨: ભારતના પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ ગત મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા. આ ભૂકંપમાં મૃત્યુઆંક અત્યાર સુધીમાં ૯ પર પહોંચી ગયો છે. જયારે ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જો કે આ આંકડો વધવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૮ની નોંધાઈ હતી.

પાકિસ્તાનના લાહોર, ઈસ્લામાબાદ, રાવલપિંડી, પેશાવર, ક્વેટા, કોહાટ, લક્કી મરવાત, સહિત દેશના અનેક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પાક. સ્વાસ્થ્ય મંત્રી અબ્દુલ કાદર પટેલે હોસ્પીટલોમાં ઈમરજન્સી જાહેર કરી છે.

## ગતરાત્રે ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન સહિત ૮ દેશોમાં ભુકંપનાં આંચકા નોંધાયા : લોકોમાં ગભરાટનો માહોલ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૨

ગત રાત્રીના અફઘાનીસ્તાન-પાકિસ્તાન-ચીન ઉપરાંત રશિયાના પુર્વ રાજયો પાકિસ્તાન અને ઉઝબેકીસ્તાન સહિતના ક્ષેત્રોમાં આવેલા ભૂકંપથી ખાસ કરીને પાકિસ્તાન તથા અફઘાનીસ્તાનમાં તબાહીના સંકેત છે.

ગતારાત્રીના ભારતમાં ૧૦.૨૦ કલાકે દિલ્હી-એનસીઆર ઉપરાંત રાજસ્થાન-હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, ઉતરપ્રદેશ, પંજાબ, જમ્મુ-કાશ્મીર અને છેક ગુજરાતમાં અમદાવાદ સુધીના વિસ્તારોમાં લોકો સુવાની તૈયારી કરી રહ્યા હતા તે સમયે જ ધરતી ૬.૬ની તિવ્રતા સાથે ભૂકંપનો એક શક્તિશાળી આંચકો લાગ્યો હતો. જેના કારણે લોકો ગભરાયને ઘરની બહાર નીકળી ગયા હતા.

આ ભૂકંપનું ભૂમિ બિન્દુ અફઘાનીસ્તાનમાં હિન્દુકુશ પર્વતમાળામાં જમીનની અંદર ૧૫૬ કી.મી. ઉંડાઈ પર હતું.

જેનાથી તેની ઘાતક અસર ઓછી રહી હતી. પરંતુ આ આંચકો અનેક ક્ષેત્રમાં લગભગ ૮૦ સેકન્ડ સુધી ચાલતા જબરો ગભરાટ વ્યાપી ગયો હતો અને મોડી રાત્રી સુધી લોકો જાગતા રહ્યા હતા. જો કે ભારતમાં આ ભૂકંપથી કોઈ નુકશાન કે જાનહાની થઈ નથી. જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં થોડા મકાનોમાં તિરાડ પડી ગઈ હતી પાકમાં ઈસ્લામાબાદ- રાવલપીંડી- પેશાવર- કોહાટ અને અન્ય ક્ષેત્રોમાં ભૂકંપની અસર વધુ હતી તો અફઘાનીસ્તાનમાં પણ મૃત્યુના અહેવાલ છે અને પાકમાં ભૂકંપના કારણે એક બે બહુમાળી ઈમારત ધસી પડી હતી અને ત્યાં રાહત બચાવની કામગીરી શરુ થઈ હતી.

## વૈશ્વિક આર્થિક પડકારોનો સામનો કરવામાં ભારતનું અર્થતંત્ર સક્ષમ : રીઝર્વ બેંક

મુંબઈ તા. ૨૨

અમેરિકામાં સર્જાયેલી બેન્કીંગ કટોકટી અને વૈશ્વીક રીતે મંદી સહિતના માહોલની ભારતમાં બહું મોટી અસર થશે નહી.

રીઝર્વ બેંકના એક અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર સારી રીતેમાવજત કરાયેલું છે. અન્ય દેશો કરતા અનિશ્ચીતતાનો વધુ સારી રીતે સામનો કરનારૂ બની રહ્યું છે.

રીઝર્વ બેંકે તેના સ્ટેટ ઓફ ઈકોનોમી રીપોર્ટમાં જણાવ્યું છે કે વૈશ્વીક વૃદ્ધિ દરમાં ઘટાડાના સંકેત છતા અને ૨૦૨૩માં અનેક દેશોમાં મંદીની સ્થિતિ હોવાની આશંકા વચ્ચે કોરોના જેવી સ્થિતિ બાદમાં ભારત વધુ મજબૂત બનીને બહાર આવ્યું છે.રીઝર્વ બેંકના રીપોર્ટમાં જણાવ્યું છે કે અમેરિકી બેન્કીંગ કટોકટીથી ભારત પર મર્યાદીત અસર થશે.

જો કે રીઝર્વ બેંકના એક રિપોર્ટમાં ફુગાવા અંગે ચિંતા કરવામાં આવી છે અને તેના કારણે લોકોની વપરાશ અને ખરીદ શકિતને જે અસર થઈ છે તે યથાવત રહેશે. રીઝર્વ બેંકના રિપોર્ટમાં જણાવ્યું કે છૂટક ફુગાવો ફેબ્રુઆરીમાં ૬.૪૪ ટકા નોંધાયા છે.

જે જાન્યુઆરીમાં ૬.૫૨ ટકા હતો. ચિંતા એ છે કે જથ્થાબંધ ફુગાવામાં ઘટાડા છતા તેની અસર છુટક ફુગાવા પર થતી નથી. ભાવસપાટી નીચી આવી નથી જે ચિંતાની બાબત છે.

## પાકિસ્તાનમાં સ્થિતિ બેકાબુ : ક્રિકેટ રમીને પરત ફરી રહેલા નેતાની કારને રોકેટ વડે ફુંકી મારી : ૧૦નાં મોત

ઈસ્લામાબાદ, તા.૨૨: પાડોશી દેશ પાકિસ્તાનમાં રાજકીય ઉથલ-પાથલ વચ્ચે આંતરિક સ્થિતિ પણ ઠીક નથી. અહીં હાલત બેકાબૂ છે. એબટાબાદમાં મુખ્ય વિપક્ષી દળ પીટીઆઈના એક સ્થાનિક નેતા આતિફ મુન્સીફ ખાનની એક હરીફ સમૂહ દ્વારા લક્ષિત હુમલામાં હત્યા કરી દેવામાં આવી છે. આ હુમલામાં કુલ ૧૦ લોકોએ જીવ ગુમાવ્યાના અહેવાલ છે. એબટાબાદના ડીપીઓ ઉમર તુફૈલે જણાવ્યું કે હવેલિયન તાલુકાના મેયર આતિફ એક કારમાં જઈ રહ્યા હતા ત્યારે ઓચિંતો હુમલો કરીને તેમની કારના ઈંધણને ગોળી મારવામાં આવી હતી જેના લીધે આગ લાગતા કાર બ્લાસ્ટ થઈ ગઈ હતી. જયારે કેટલાક અહેવાલોમાં એવો પણ દાવો કરાઈ રહ્યો છે કે કાર પર રોકેટ હુમલો કરાયો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો એક વીડિયો પણ શેર કરાયો હતો જેમાં કાર બળી ગયેલી હાલતમાં જોવા મળી રહી છે. બે ઘાયલોને નજીકની હોસ્પિટલે ખસયડાયા હતા જેમની હાલત ગંભીર જણાવાઈ રહી છે. આતિફ મુન્સીફે ૨૦૨૨માં ખૈબર પખ્તનૂખ્વાં સ્થાનિક એકમોની ચૂંટણીમાં એબટાબાદની હવેલિયન તાલુકાથી એક અપક્ષ ઉમેદવાર તરીકે વિજય મેળવ્યો હતો અને પછી તે પીટીઆઈમાં જોડાઈ ગયા હતા. તેમના પિતા મુન્સીફ ખાન પણ વિધાનસભાના પૂર્વ સભ્ય હતા અને પ્રાંતીય મંત્રી હતા. જેમની ૧૯૯૦ના દાયકામાં હત્યા કરાઈ હતી.

## મૃત્યુ પહેલા તાજમહેલ જોવાની વૃધ્ધ માતાની ઈચ્છા પુત્રએ પુર્ણ કરી

આગ્રા,તા.૨૨: પૌરાણિક ગ્રંથોમાં શ્રવણ કુમારની કથાનો ઉલ્લેખ છે. એવું કહેવાય છે કે શ્રવણે તેમના માતા અને પિતાને કાવડ પર બેસાડ્યા અને તેમને તીર્થયાત્રા પર લઈ ગયા હતા. શ્રેષ્ઠ માતા-પિતા ભકતોમાં શ્રવણનું નામ આજે પણ ઉદાહરણ તરીકે લેવામાં આવે છે. ત્યારે ગુજરાતના કચ્છમાં રહેતા એક યુવકે તેની માતાની ઈચ્છા પૂરી કરીને આવું ઉદાહરણ રજૂ કર્યું છે. ઈબ્રાહિમની માતા, જેઓ કચ્છના રહેવાસી છે, તેમને આગ્રામાં પ્રેમના પ્રતિક એવા તાજમહેલને એકવાર જોવાની ઈચ્છા હતી. પરંતુ પીઠની સમસ્યાને કારણે તેમની ઈચ્છા પૂરી થઈ શકી નહીં. હવે તેના પુત્ર દ્વારા તેની માતાને તાજમહેલ બતાવવાના કામની ચારે બાજુથી પ્રશંસા થઈ રહી છે.

માતાની ઈચ્છા પૂરી કરવા માટે ઈબ્રાહિમ વ્હીલચેર પર બનેલા સ્ટ્રેચર પર હજાર કિલોમીટરનો પ્રવાસ કરીને તાજમહેલ પહોંચ્યો હતો. આ સ્થિતિમાં તાજમહેલ જોવાની ઈચ્છા સાથે આવેલી વૃદ્ધ મહિલાને જોઈને ASIના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ તેને તાજ બતાવવામાં મદદ કરી હતી જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.


જતા આવતા ફ્લાઈટ
ગો... ૪ રાત્રી - ૫ દિવસ
ગોવા Per Person 16,499
સાથે દુધસાગર ફોલ
April : 24,28 May : 2,6,10,14,18,22,26,30
૩ સ્ટાર રીસોર્ટ | ગુજરાતી-કાઠીયાવાડી-પંજાબી ભોજન | ૪ બ્રેકફાસ્ટ ૪ ડિનર
સાઉથ-નોર્થ ગોવા સાઈટ સીન
૨૫ વર્ષથી આપની સેવામાં... Since 1998
ભારતદર્શન ટ્રાવેલ્સ
9824076999

ખુશ ખબર......ખુશ ખબર......ખુશ ખબર......
હકીમ સાબ (નાળી વૈદ્ય)
તમામ રોગોના આયુર્વેદીક ઈલાજ
વજન વધારો-ઘટાડો, વા, કમર-ઘુંટણ નો દુખાવો, નપુસકતા, શિઘ્રપતન, નિસંતાન, અનીદ્રા, સંધીવા, સાઈટીકા, હરસ, મસા, ગેસ-એસીડીટી, ચામડીને લગતા રોગો તેમજ શારીરીક નબળાય નો આયુર્વેદીક સારવાર માટે અવશ્ય મુલાકાત લો.
UP TO 20% OFF
Himalaya Dabur Baidyanath ZANDU Hamdard VIRGO Pharma Pvt
ગુજરાત આયુર્વેદીક
અમારે ત્યાંથી દરેક પ્રકારની આયુર્વેદીક દવા તેમજ પ્રોડકટ મળશે.
મો. ૯૫૮૬૨ ૫૦૮૯૮

ડીજીટલ દોસ્ત ઓફર માં મેળવો સૌથી સસ્તું કંપની ભાવ થી કનેક્શન
airtel | digital TV
ફક્ત 750/-
HD કનેક્શન, ડીશ સાથે, ફીટીંગ ફ્રી
અમારે ત્યાં થી કનેક્શન લેનાર ને આકર્ષક ગીફ્ટ ફ્રી
કંપની ભાવે કનેક્શન ફક્ત અમારે ત્યાં જ, વધુ લેવા વાળા થી સાવધાન
સૌથી સસ્તું, સૌથી સારું, સૌથી ડીજીટલ
ન્યુ બોમ્બે ઈલેક્ટ્રોનિક્સ,
વણઝારી ચોક, જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ સામે, જુનાગઢ.
newbombaydth 9375552055
6 માસ કે 12 માસ કનેક્શન માં ડબલ ગીફ્ટ આપવામાં આવશે.
કનેક્શન પર સ્માર્ટવોચ ફ્રી, કેમેરા વાળો મોબાઇલ ફ્રી અને હેવી ડીનર સેટ ફ્રી વાળી ઓફર પણ ચાલુ છે.

ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ
By Air 27000 Day-6 | 35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ 35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર | કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી | GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર
સુપર ફાસ્ટ ન્યુઝ
તમારી સાથે ચાલશે સમાચાર દેશ દુનિયા તેમજ જૂનાગઢ શહેર તથા જીલ્લાના સમાચાર વાંચી શકશો
વિશ્વાસ એ જ પણ અંદાજ નવો
www.saurashtrabhoomi.com | email : saurashtrabhoomi@gmail.com

# જલ છે તો જીવન છે, શુધ્ધ પાણી શુધ્ધ વાણી

## હિન્દુ શાસ્ત્રમાં ભગીરથી(ગંગા) નદીનાં અવતરણની કથા સૃષ્ટિ માટે જળની મહત્તા દર્શાવે છે

હિન્દુ શાસ્ત્રોમાં જેનો ઉલ્લેખ છે તે મુજબ પૃથ્વીનો ઉદ્ભવ થયો ત્યારે પૃથ્વીની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા ગંગાજી પૃથ્વી ઉપર અવતરિત થયા અને શિવજીએ ગંગાજીને પોતાની જટામાં સમાવી તેના પ્રવાહને શાંત કર્યો. આ ગંગાજી દેશનાં ઉતર ભાગથી નીકળી દેશનાં પૂર્વ ભાગ સુધી ફેલાયેલ છે. જ્યારે વિશ્વ નાં મોટામાં મોટા રણ વિસ્તારમાં રહેતી પ્રજા માટે વિશ્વની એક માત્ર સૌથી વધુ લંબાઈ ધરાવતી એમેઝોન નદી પણ જલ છે તો જીવન છેની મહત્તા સાબિત કરે છે. મનુષ્યની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા કુદરતે વરસાદનું પણ સર્જન કર્યું જ છે. પણ તે માટે જરૂરી પાણીનો પ્રવાહ(સ્રોત) વિશ્વમાં સમુદ્ર, નદી, તળાવ, સરોવર સ્વરૂપે કુદરતી રીતે બનાવ્યા છે. જ્યારે સમગ્ર સૂર્યમંડળના પરિવારમાં બધા ગ્રહોમાં એક માત્ર ભૂરા રંગનો ગ્રહ પૃથ્વી -જ્યાં જલનું અસ્તિત્વ છે એટલે જ જીવનનું અસ્તિત્વ છે તેમ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલ છે. જ્યારે બાકી નાં અન્ય ગ્રહો ઉપર પાણીનો અંશ પણ નથી ત્યાં જીવન પણ નથી. પૃથ્વીને મળેલી આ અમૂલ્ય ભેટ એટલે પાણી. અમૃત અને અમીરસ સમાન જલ પણ માનવ રક્તની જેમ મહામૂલું છે કારણ કે તેને આપણે કોઈ ફેક્ટરી કે લેબોરેટરીમાં બનાવી શકતા નથી માત્ર તેને સાચવી શકીએ છીએ અને તેનો વિવેક પૂર્વક ઉપયોગ કરી ટકાવી શકીએ છીએ. માટે વર્ષ ૧૯૯૨ના સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં નક્કી થયા બાદ ૧૯૯૩ની ૨૨ માર્ચથી વિશ્વ જલ દિવસ મનાવવાની શરૂઆત થઈ. જેનું કારણ હતું પૃથ્વી ઉપર મનુષ્યની પાણીની જરૂરિયાત અંગે જાગૃતિ લાવવાનો ઈરાદો. વિશ્વ બેંકના અહેવાલ મુજબ ૨૦૪૦ સુધીમાં દેશમાં ભૂગર્ભ જળ ભંડાર પણ તળિયા ઝાટક થવાની શક્યતા છે. પાણીનો અવિચારી અને અવિવેકી ઉપયોગ મનુષ્યને વિનાશ તરફ લઈ જાય તો નવાઈ નહીં. ત્યારે વિકાસ નાં નામે વિનાશ નાં થાય તે માટે આ દિવસની ઉજવણી કરવા સૌ એ જાગૃત થઈ પ્રજાને જાગૃત કરવી જરૂરી જણાય છે. જેમાં પણ ટપકતાં નળ, શાવરબાથ, પાણીની નળીઓ લઈને વાહનો ધોવા, ગૃહિણીઓ દ્વારા શાકભાજી અને અન્ય વસ્તુઓ સીધી જ નળ નીચે ધોવી, બગીચાઓ અને ફળિયાઓમાં પાણીનો બિનજરૂરી બગાડ. આવા તો કઈક કેટલાય અવ્યવસ્થિત ઉપયોગો પાણીની અછત તરફ દોરી જનાર છે. માનવસર્જિત જોખમો અને પ્રદૂષણ તેમજ વૈશ્વિક ગરમી અને વસ્તી વિસ્ફોટને લીધે પૃથ્વી ઉપર પીવા લાયક પાણીની અછત ખૂબ જ નજીકના ભવિષ્યમાં ઊભી થનાર છે. પૃથ્વીના પેટાળમાંથી પણ આપણને પાણી મળી શકે છે પરંતુ એ આપણી કુટેવોને લીધે એ પણ સુકાતું જાય છે. પ્રકૃતિની અમુક દેન એવી છે જે મનુષ્ય પોતે ઉત્પન્ન કરી શકતો નથી માત્ર તેનો વિવેક પૂર્ણ ઉપયોગ કરી ટકાવી શકે છે અને તેને ઉપલબ્ધ કરી શકે છે. ખૂબ જ ગંભીરતાથી જળ સમસ્યા વિકટ સ્વરૂપ ધારણ કરે તે પહેલા પાણીના પુરવઠા નું વ્યવસ્થિત જળ વ્યવસ્થાપન દ્વારા વપરાશ કરી કંઈક અંશે ટાળી શકાય. ત્યારે આ વર્ષે હિન્દુ ધર્મનાં નવા વર્ષ અને વિશ્વ જલ દિવસનાં શુભ સંજોગો સમાં આજના દિવસે નવા વર્ષની શરૂઆત તેવા ચૈત્ર મહિનાનાં પ્રથમ દિવસને આઓ સૌ સાથે મળી જલ હાથમાં લઈને સંકલ્પ કરીએ કે પાણીનો વિવેક પૂર્વક ઉપયોગ કરીશું અને આવનારી પેઢી માટે સમસ્યા ઉભી ન થાય એવા પ્રયત્નો કરીશું. નહીં તો સમય એવો આવશે કે પાણી પણ પેટ્રોલ જેટલું જ મોંઘુ થઈ જાય.




**સૌજન્ય : આદર્શ પત્રકાર-ઓખા**

# કેશોદના અખોદર ગામે શીતળા માતાજીના મંદિરે ચૈત્રી સાતમની ભવ્ય ઉજવણી થશે





(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૨

કેશોદ તાલુકાના અખોદર ગામે આશરે ૧૬૦૦ વર્ષ જુનુ પૌરાણિક અને ઐતિહાસિક સુર્ય મંદિર આવેલ છે. જે સુર્ય મંદિરમાં શીતળા માતાજી તથા નવ ગ્રહોની સ્થાપના કરવામાં આવી છે. મંદિરમાં અખંડ જ્યોત દિવો પ્રજ્વલિત રાખવામાં આવે છે. મંદિરની પુજા પરેશ બાપુ કરે છે. આ મંદિરે દર વર્ષે શ્રાવણ મહીનાની સાતમ તથા ચૈત્ર મહીનાની સાતમની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. જેમાં કેશોદ તાલુકા તથા આજુબાજુના વિસ્તારોની ધર્મ પ્રેમી જાહેર જનતા દર્શને તથા પ્રસાદી ધરવા આવે છે. શીતળા માતાજીના મંદિરે કુલેર તથા શ્રીફળની પ્રસાદી ધરવામા આવે છે. ગુજરાતના મોઢેરા સુર્ય મંદિર બાદ બીજા નંબરનું સુર્ય મંદિર અખોદર ગામે આવેલછે દર વર્ષે શ્રાવણ તથા ચૈત્ર સાતમની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. આવનારી ચૈત્રી સાતમની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર હોય તા.૨૮ મંગળવારે ચૈત્રી સાતમની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં અસંખ્ય શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પ્રસાદી ધરાવવા આવશે. ચૈત્રી સાતમની ઉજવણી નિમિત્તો વહેલી સવારથી અસંખ્ય શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. મંદિરના સાનિધ્યમાં કિર્તન મંડળીનું આયોજન કરવામાં આવે છે. મંદિર પુજારી પરિવાર દ્વારા તમામ દર્શનાર્થે આવતા ભાવિક ભક્તો માટે ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. ચૈત્રી સાતમની ઉજવણીમાં સર્વ ધર્મ પ્રેમી જાહેર જનતાએ લાભ લેવા પધારવા મંદિરના પુજારી પરેશ બાપુની યાદીમાં જણાવાયું છે.

# સુત્રાપાડાના પ્રાંસલી માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવની ખરીદી શરૂ થતા ખેડુતોમાં ખુશાલી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૨

સુત્રાપાડા તાલુકાના પ્રાસલી ખાતે માર્કેટ યાર્ડ એપીએમસીમાં ટેકાના ભાવથી ખરીદી સેન્ટર ચાલુ થતા ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી છે. સુત્રાપાડા તાલુકાના પ્રાસલી માર્કેટ યાર્ડ એપીએમસીમાં સરકાર દ્વારા જાહેર કરેલ ચણાના ટેકાના ભાવ ૨૦ કિલોના રૂા.૧૦૬૭ થી સરકારની જાહેર કરેલ એજન્સી ગુજકોમાસોલ દ્વારા ખરીદી સેન્ટર ચાલુ કરેલ છે. ત્યારે આ ખરીદીનો પ્રારંભ સંસ્થાના ચેરમેન દિલીપભાઈ જશાભાઈ બારડ તેમજ ડાયરેકટર સૈલેન્દ્રસિંહ રાઠોડના હસ્તે કરવામાં આવેલ છે. ખુલ્લા બજારમાં ચણાના ભાવ નીચા હોય ટેકાના ભાવમાં અંદાજે રૂા.૨૫૦૦ થી ૩૦૦૦ ફેર પડતો હોય જેથી ખેડૂત ભાઈઓને સરકારી ખરીદીમાં વેચાણ કરવાનું જણાવેલ છે.

## માખીયાળા ખાતે સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ દ્વારા ૨૧ મી માર્ચે

# ‘વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ’ ડેની ઉજવણી કરાઈ







જૂનાગઢ તા.૨૧

૨૧મી માર્ચ ‘વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે’ની વિશેષ ઉજવણી સાંત્વન વિકલાંગ મંડળ માખીયાળા ખાતે કરવામાં આવી હતી. જેમાં માખીયાળા શાળાના બાળકોની ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. ભાગ લેનાર તમામને સ્ટેશનરી કીટ, પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ઉપસ્થીત રહેલા મહેમાનોનું સ્વાગત દિવ્યાંગ દિકરીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. આંગણે આવેલ શાળાના બાળકોનું કુમકુમ તિલક સાથે સ્વાગત આવકાર સ્થાપક પ્રમુખશ્રી નિલમબેન પરમાર દ્વારા કરાયું હતું. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ચાર આંગણવાડી વર્કર, આશા વર્કર તથા હેલ્પર બહેનોનું શાલ, બ્લેન્કેટ તેમજ સેનેટરી પેડ આપી મહેમાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સીડબલ્યુસીના ચેરમેન ગીતાબેન માલમ, માખીયાળા ગામના સરપંચ શારદાબેન ગજેરા, ઉપસરપંચ નિતેશભાઈ, સિવિલ હોસ્પીટલના ડો.ચિરાગ રાજપુરા, ડો.પિયુષાબેન સોલંકી, મનીષાબેન પોપટ, હેમેન્દ્રભાઈ પરમાર તેમજ માખીયાળા આરોગ્ય વિભાગના બહેનો તથા ધોરાજી ઉમા મહિલા સંગઠનના સેજલબેન, માધુરીબેન વગેરે ઉપસ્થિત રહેલ હતા. પ્રાસંગિક પ્રવચન મનીષાબેન પોપટ, ડો.પિયુષાબેન સોલંકી, હેમેન્દ્રભાઈ પરમાર તથા ગીતાબેન માલમ દ્વારા આપવામાં આવેલ હતું. સ્વાગત પ્રવચન રેખાબેન પરમાર તથા આભાર દર્શન વિધિ નિલમબેન પરમાર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના શુભેચ્છક શ્રી ઓન્લી ઈન્ડીયન દ્વારા કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

વેરાવળ : વેરાવળના પ્રજાપતિ ઉમેશભાઈ પરસોત્તમભાઈ સંચાણીયા(ઉ.વ.૪૩) તે પરસોત્તમભાઈ ગોકળદાસના પૂત્ર, રસિકભાઈના ભત્રીજો, અશોકભાઈ, કોકિલાબેન દિલીપકુમાર જોટાણીયા, પ્રીતિબેન અશોકભાઈ ટાકોદરા હિતેશભાઈ, પુનિતભાઈના ભાઈ તેમજ વિવેક, ચિંતનના કાકાનું તા.૨૧ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૨૩ને ગુરૂવારે સાંજે ૪ઃ૩૦ થી ૫ઃ૩૦ કાશી વિશ્વનાથ મંદિર, પોસ્ટ ઓફીસ રોડ ખાતે રાખેલ છે.

# દેવભૂમિ દ્વારકામાં ૩ એપ્રિલ, ૨૦૨૩ના રોજ રૂકમણીજીનું ભવ્ય સ્વાગત કરાશે : પ્રાંત અધિકારી દ્વારકાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

દેવભૂમિ દ્વારકામાં ૩ એપ્રિલ, ૨૦૨૩ના રોજ રૂકમણીજીના ભવ્ય સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેના અનુસંધાને દ્વારકા નગરપાલિકાના સભાખંડ ખાતે પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતના ઉત્તર - પૂર્વ પ્રદેશો અને પશ્ચિમ ભારતના ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિના સમન્વયના અનુબંધનો ઉત્સવ માધવપુર ઘેડ મેળો આ વર્ષે તા.૩૦ માર્ચથી તા.૩ એપ્રિલ, ૨૦૨૩ સુધી યોજાશે. ત્યારબાદ ભગવાન શ્રી કૃષ્ણ રૂકમણીજી સાથે વિવાહ કરીને બારાત લઈને દ્વારકા પહોંચ્યા હતા તે પૌરાણિક મહાત્મ્યને પુનઃ ઉજાગર કરવા દ્વારકામાં રૂકમણીજીનું ભવ્ય સ્વાગત કાર્યક્રમ યોજાશે. દ્વારકામાં ૩ એપ્રિલ, ૨૦૨૩ના રોજ રૂકમણીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તેમજ શોભાયાત્રા, મલ્ટી મીડિયા શો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

બેઠકમાં રૂકમણીજીના સ્વાગત કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે વિવિધ વિભાગોના અધિકારીઓ, વિવિધ સમાજના અગ્રણીઓ, વેપારી એસોસીએશન, હોટેલ એસોસીએશન, ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસીએશનના આગેવાનો સહિતના સાથે ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. બેઠકમાં મામલતદાર દ્વારકા, મામલતદાર કલ્યાણપુર, તાલુકા વિકાસ અધિકારી દ્વારકા અને કલ્યાણપુર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# આર્ય સમાજએ સ્વામી દયાનંદ સરસ્વતીજીના ક્રાંતિકારી વિચારોનું સ્થાયી સ્વરૂપ છે : અમિત શાહ

## નવી દિલ્હીના તાલ કટોરા સ્ટેડિયમમાં આર્ય સમાજના સ્થાપના દિવસની દિવ્ય અને ભવ્ય ઉજવણી : આર્ય સમાજની સ્થાપના કરીને સ્વામી દયાનંદ સરસ્વતીજીએ વિશ્વ ઉપર ઉપકાર કર્યો છે




(પ્રતિનિધિ દ્વારા)

નવી દિલ્હી તા.૨૨

સ્વામી દયાનંદ સરસ્વતીજીએ આર્ય સમાજની સ્થાપના કરીને વિશ્વ ઉપર ઉપકાર કર્યો છે. આર્ય સમાજ રૂપે તેમણે સમાજ નિર્માણના પોતાના ક્રાંતિકારી વિચારોને સ્થાયી સ્વરૂપ આપ્યું છે. ભારતના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં નવી દિલ્હીમાં તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦ મી જયંતિના આયોજનોની શૃંખલામાં આયોજિત આર્ય સમાજ સ્થાપના દિવસ સમારોહમાં વિશાળ મેદનીને સંબોધન કરતાં કહ્યું હતું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ વર્ષોથી સુશુપ્ત-સુતેલા આ દેશના આત્માને ઝંઝોડીને જાગૃત કરવાનું કામ કર્યું છે. તીવ્ર જરૂરિયાતના સમયે સ્વામી દયાનંદજીએ સ્વદેશ, સ્વભાષા અને સ્વધર્મ જેવા શબ્દો અને વિચારો આપીને ભારત દેશની સ્વતંત્રતા માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમણે આર્ય સમાજની પ્રવૃત્તિઓને નવી ઉર્જા સાથે વધુ વેગવાન અને વધુવ્યાપક બનાવવા અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું હતું કે, હિન્દુ ધર્મ અને આર્ય સમાજના અનુયાયીઓ ક્યારેય સંકુચિત ન હોઈ શકે. ઋગ્વેદના વાક્ય- એક જ પરમાત્માને દ્રઢતાપૂર્વક વિશ્વ સમક્ષ રજૂ કરીને તેમણે ભારતની વિશાળતાનો પરિચય વિશ્વને કરાવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વામી દયાનંદ સરસ્વતીજીના વિચારોને સમગ્ર વિશ્વ સમક્ષ સન્માનપૂર્વક પ્રસ્તુત કર્યા છે, એટલું જ નહીં તેઓ આ દેશમાં જાગરણનું જે કામ કરી રહ્યા છે એની મૂળ કલ્પના પણ મહર્ષિ દયાનંદજીના જીવન અને કર્તૃત્વમાંથી મળી છે. સ્વામી દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશના માધ્યમથી સત્ય જગત સમક્ષ પ્રસ્તુત કર્યું છે. આર્ય સમાજ સ્વરૂપે તેમણે એક એવી પરંપરા આ દેશને ભેટ આપી છે જે વર્ષોવર્ષ ભારતને ઉન્નતિના માર્ગે આગળ લઈ જશે અને ભારત જગતના કલ્યાણ માટેનું કારણ બનશે. આર્ય સમાજ દ્વારા સંબંધો બચાવો-દેશ બચાવો જેવી પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આર્ય સમાજે પ્રાકૃતિક ખેતી માટે પણ અભિયાન હાથ ધર્યું છે. આવી અનેક પહેલની પ્રશંસા કરતાં અમિત શાહે કહ્યું હતું કે, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પૂરી તન્મયતા અને જનૂનપૂર્વક પ્રાકૃતિક કૃષિ અભિયાન ઉપાડ્યું છે. આચાર્ય દેવવ્રતજીના અભિયાનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સમર્થન આપ્યું છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી પૃથ્વીનું રક્ષણ તો થશે જ, ગૌમાતાનું પણ સંરક્ષણ અને સંવર્ધન થશે. આખી દુનિયાનું કલ્યાણ થશે, લાખો કિસાનો યુરિયા અને ડીએપી જેવા રાસાયણિક ખાતરો છોડીને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે. ધરતી માતાની ગુણવત્તા પાછી મેળવવાનું, માનવ શરીરને રોગમુક્ત કરવાનું આ અભિયાન વધુ વેગવાન બને એવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી. આઝાદીના આંદોલનનો ઈતિહાસ આર્ય સમાજના ઉલ્લેખ વિના અધૂરો છે, એમ કહીને અમિતશાહે કહ્યું હતું કે, અસહકાર આંદોલન હોય કે બંગભંગનું એલાન કે હૈદરાબાદ અને ગોવા મુક્તિ સંગ્રામ હોય, દરેકમાં આર્ય સમાજ અગ્રેસર રહ્યું છે. ગૃહ વિભાગ દ્વારા દિવ-દમણ અને ગોવાના મુક્તિ સંગ્રામના ઈતિહાસને સંકલિત કરવામાં આવી રહ્યો છે, આ ઈતિહાસમાં અનેક વખત સ્વામી દયાનંદ સરસ્વતીજીના અનુયાયીઓનો ઉલ્લેખ આવે છે. સ્વામી દયાનંદ સરસ્વતીજી ગુજરાતી હતા, સંસ્કૃતના પંડિત હતા આમ છતાં તેમણે તમામ પુસ્તકો હિન્દી ભાષામાં જ લખ્યા. કારણકે તેઓ દ્રઢ પણે માનતા હતા કે આ દેશને દિશા આપવા એક ભાષાની આવશ્યકતા છે, અને તે હિન્દી છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ આર્ય સમાજની સ્થાપના કરીને શિક્ષણમાં ક્રાંતિ આણી, મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપ્યું, વિધવા વિવાહ માટે સમાજને તૈયાર કર્યો. આવા અનેક ક્રાંતિકારી નિર્ણયો અને વિચારો સમાજને આપ્યા. એક વ્યક્તિ પોતાના એક જીવનમાં આવા અનેક વિચારો આપી શકે.! એટલું જ નહીં અનુયાયીઓની આટલી વિશાળ ફોજ તૈયાર કરી શકે...! એ મહામાનવના જીવન વિશે કલ્પના કરવી અશક્ય છે. તેમણે કહ્યું કે, સમગ્ર વિશ્વ યુગોયુગો સુધી મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનું ઋણી રહેશે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે કહ્યું હતું કે, આવનારા બે વર્ષો દરમિયાન મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦ની જન્મજયંતીની ઉજવણીના કાર્યક્રમો થશે. આર્ય સમાજના ૧૫૦ વર્ષ મની ઉજવણી કરાશે અને સ્વામી દયાનંદ સરસ્વતીજીના પરમ શિષ્ય સ્વામી શ્રદ્ધાનંદજીના બલિદાનની શતાબ્દીની ઉજવણી થશે. ભારત સરકારનું સાંસ્કૃતિક મંત્રાલય આ ઉજવણીમાં સહભાગી થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આર્ય સમાજની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરે છે એ માટે સમગ્ર આર્ય જગત ગદગદ છે. સ્વામી દયાનંદ સરસ્વતીજી ગુજરાતમાં જન્મ્યા હતા. પરમ સુયોગ છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ-સહકાર મંત્રી અમિત શાહ પણ એ જ પાવન ભૂમિના સંતાનો છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની એકતા, અખંડતા, સંપ્રભુતા તથા સંપૂર્ણ વિકાસ માટે જે કાર્યો થઈ રહ્યા છે તેનાથી સ્વામી દયાનંદ સરસ્વતીજીના સપનાં સાકાર થઈ રહ્યા છે. ભારતની અર્થવ્યવસ્થા ૮ વર્ષ અગાઉ ૨૧માં સ્થાને તે હતી તે આજે વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. આતંકવાદ અને બોમ્બ બ્લાસ્ટ રોજીંદી ઘટનાઓ હતી, ભારતના નાગરિકો સુરક્ષાની અનુભૂતિ નહોતા કરી શકતા. એવી સ્થિતિમાં ભારત નિરાશ, હતાશ અને ઉદાસ હતું. આજે ૮-૯ વર્ષમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ભારત આજે સંરક્ષણ ક્ષેત્રે નિકાસકાર બન્યું છે. મજબૂત સેનાથી દેશ સુરક્ષાની ભાવના અનુભવે છે. સ્કિલ ઈન્ડિયા, ફીટ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેવી પહેલથી ભારત આખા વિશ્વમાં અગ્રેસર બન્યું છે. કરોડો ગરીબોને રહેવા મકાન મળ્યું છે, ઉજવલા યોજનાથી બહેનોની સવલત વધી છે, શૌચાલયની વ્યવસ્થાથી બહેનોનું સન્માન જળવાયું છે. બુલેટ ટ્રેન અને વંદે ભારત ટ્રેન જેવી પહેલથી રેલવેનો કાયાકલ્પ થયો છે. આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના લોકકલ્યાણ, જનકલ્યાણ અને ભારતના ઉત્થાનથી વિશ્વના ઉત્કર્ષના મિશનમાં આર્ય સમાજ હંમેશા સમર્થનમાં હશે. આર્ય સમાજના આગેવાનોએ મહત્વની જાહેરાત કરતાં કહ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતમાં ભારત સરકાર સમલૈંગિક વિવાહનો વિરોધ કરી રહ્યું છે. આર્ય સમાજ પણ સમલૈંગિક વિવાહનો વિરોધ કરે છે અને આ મુદ્દે ભારત સરકારના સમર્થનમાં છે. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે, ભારતમાં ભાગલાવાદી તાકાતોનો સામનો કરવામાં આર્ય સમાજ હંમેશા ભારત સરકારની પડખે છે. આર્ય સમાજ અલગાવવાદી તાકતોનું સમર્થન ક્યારેય નહીં કરે. આર્ય સમાજના કાર્યક્રમોમાં હંમેશા ૫૦% શ્રીઅન્ન એટલે કે મિલેટ્સનો ઉપયોગ થશે. આર્ય સમાજે એવી પણ મહત્વની જાહેરાત કરી હતી કે, આવનારા સમયમાં આર્ય સમાજની તમામ સંસ્થાઓ વીજ વપરાશના ૫૦% વીજળી સૌર ઊર્જા વાપરશે.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જૂનાગઢ જીલ્લાની સો ટકા મહિલા સદસ્યોથી બનેલી ૯ પાણી સમિતિઓને કુલ રૂા. ૪.૫૦ લાખની પ્રોત્સાહક રાશીના ચેકનું વિતરણ કરાયું






## દીકરીઓ અણબનાવ વિશે વિનાસંકોચે અને નિર્ભિકપણે વ્યક્ત કરી શકે તેવું વાતાવરણ નિર્માણ કરવું આવશ્યક

જૂનાગઢ, તા.૨૨

મહિલાઓની સુરક્ષા, આરોગ્ય, પોષણ, સામાજિક ભૂમિકા, આર્થિક રીતે પગભર બનવા, નિર્ણયમાં મહિલાઓની સહભાગીતા સહિતના મુદ્દાને કેન્દ્રમાં રાખી જૂનાગઢના જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ - વાસ્મો દ્વારા મુખ્યમંત્રી મહિલા સશક્તિકરણ વર્કશોપ યોજાયો હતો. જેમાં સો ટકા મહિલા સદસ્યોથી બનેલી પાણી સમિતિના સભ્યો-અધ્યક્ષો સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાની સંપૂર્ણ મહિલા સદસ્યોથી કાર્યરત મહિલા પાણી સમિતિને પ્રોત્સાહન રૂપે જિલ્લાની ૯ ગામોની પાણી સમિતિને રૂા.૫૦,૦૦૦ ચેક અર્પણ કરવામાં આવ્યાં હતા. આમ, કુલ રૂા.૪.૫૦ લાખની રાશિના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી. પટેલે જણાવ્યું કે, મહિલાઓની સમસ્યાઓનું સમાધાન શિક્ષણ અને જાગૃતિના માધ્યમથી શક્ય બને તેમ છે. આ સાથે તેમણે સમગ્ર ધરતી ઉપર પાણીનો મર્યાદિત સ્ત્રોત હોવાનું જણાવતા કહ્યું કે, પાણીને પેદા કરી શકાતું નથી, જેથી પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ આવશ્યક છે. તેમને અંતમાં ઉમેર્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયોસીથી પીવાના પાણીની સમસ્યા મહદંશે સમાપ્ત થઈ ચૂકી છે.

ડીવાયએસપી કુ. નિકિતાબેન સિરોયાએ મહિલા સુરક્ષા ઉપર પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું કે, પરિવાર અને સમાજમાં દીકરીઓને ભયવિહિન અને મુક્ત વાતાવરણ મળી રહે તે માટે પ્રયાસ કરવાની જરૂર છે. દીકરીઓ સાથે બનેલ કોઈ પણ અણબનાવ વિશે વિનાસંકોચે અને નિર્ભિકપણે વ્યક્ત કરી શકે તેવું વાતાવરણ નિર્માણ કરવું આવશ્યક છે. ઉપરાંત તેમણે દીકરીઓના શિક્ષણ, કારકિર્દી, મુશ્કેલીના સમયમાં સ્વ-બચાવની તરકીબો વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પાબેન જાવિયાએ જણાવ્યું કે. ચોમાસુની ઋતુમાં ઝાડા, ઉલ્ટી, ટાઈફોઈડ વગેરે પાણીજન્ય રોગોનું પ્રમાણ વધે છે. ત્યારે ક્લોરીનેશન કરેલું પાણી પીવુ જ હિતાવહ રહે છે. આર.ઓ.નું નિયમિત વધારે પડતું પાણી પીવાથી કેટલાક ખનીજ તત્વો અને બી કોમ્પ્લેક્સની ઉણપ સર્જાતી હોવાનું સામે આવ્યું છે. જેથી ઉકાળેલુ અને ક્લોરીનેશન કરેલુ પાણી પીવામાં ઉપયોગમાં લેવા જોઈએ. અંતમાં તેમણે મહિલાઓના હિમોગ્લોબીન એટલે કે, લોહીની ઉણપ સામાન્ય રીતે જોવા મળે છે. તે દૂર કરવા માટે સરકાર દ્વારા લોહતત્વની ગોળી આપવામાં આવે છે. તે લેવી ખૂબ જરૂરી છે. આ સાથે તેમણે પ્રોટીનયુક્ત આહાર લેવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું. વાસ્મોના કાર્યપાલક ઈજનેર વી. વી. કારીયાએ જણાવ્યું કે, મહિલાઓમાં વ્યાખ્યાયિત ન કરી શકાય તેવી એક શક્તિ પડેલી છે. સતત પડકાર વચ્ચે પણ સફળતાપૂર્વક તેની રાહ બનાવી લે છે. મહિલાઓના સશક્તિકરણ માટે ખાસ કરીને તેમની નિર્ણયોમાં ભાગીદારી વધારવી જોઈએ. તેને જ કેન્દ્રમાં રાખીને રાજ્ય સરકારે પણ મહિલાઓની ભાગીદારી વધારવા પાણી સમિતિ સહિતની સમિતિઓમાં મહિલાઓની જગ્યા અનામત રાખવામાં આવી છે. આ ૯ મહિલા પાણી સમિતિમાંથી માંગરોળની વિરોલ અને માળીયા હાટીનાની પીખોર ગ્રામ પંચાયત સો ટકા મહિલા સદસ્યોથી સંચાલિત છે. તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે બાળ સુરક્ષા અધિકારી કિરણબેન રામાણીએ કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ ની જાણકારી આપી હતી. ઉપરાંત તાલુકા લાઈવલી મેનેજર શ્રીમતી મંજુલાબેન પરમારે મહિલા સ્વ-સહાય યોજનાની વિસ્તારપૂર્વક જાણકારી આપી હતી. સાથે જ મહિલાઓને આર્થિક રીતે પગભર બનવા માટે માર્ગદર્શન આપ્યું હતું. એ ડિવિઝનના પી.એસ.આઈ. શ્રી સિસોદિયાએ પણ મહિલા સુરક્ષાની સાથે પ્રસંગોચિત સંબોધન કર્યુ હતું. કાર્યક્રમના પ્રારંભે વાસ્મોના જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતિ આઈ.આર. કેલાએ શાબ્દિક સ્વાગત અને અંતમાં શ્રીમતી નિકિતાબેન કણસાગરાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે માંગરોળની ફુલરામા, ફરંગટા અને વિરોલ, માળીયાહાટીનાની જામવાડી અને પીખોર, વિસાવદરની દેસાઈ વડાળા, કેશોદની બાલાગામ, મેદરડાની ઢાંઢાવાડા, જૂનાગઢની ભલગામ ગામની પાણી સમિતિના મહિલા સદસ્યો સહિતના મહિલા તથા વાસ્મોના અધિકારી અને કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ સબ ડિવઝન વિસ્તાર હેઠળના તમામ મેડીકલ સ્ટોર્સમાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા પડશે

## શિડ્યુલ એચ.એચ-૧ અથવા એક્સ મુજબની દવાઓનું ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વિના વેચાણ અટકાવવા માટે લેવાયેલું પગલું

જૂનાગઢ, તા.૨૨

કેશોદ સબ ડિવીઝન વિસ્તાર હેઠળના તમામ મેડીકલ સ્ટોર્સમાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાવવા પડશે. સાથે જ તેનું ૧ વર્ષ સુધીનું રેકોર્ડીંગ સાચવવાનું રહેશે. શિડ્યુલ એચ.એચ-૧ અથવા એક્સ મુજબની દવાઓનું ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વિના વેચાણ અટકાવવા માટે કેશોદ એસડીએમ કિશન ગરસરે તેમને મળેલ સત્તાની રૂએ આ માટે જાહેરનામુ બહાર પાડ્યું છે. રાષ્ટ્રીય બાલ અધિકાર સંરક્ષણ આયોગ, નવી દિલ્હી દ્વારા બાળકોમાં ડ્રગ્સ તથા અન્ય પદાર્થોના ગેરકાયદેસર ઉપયોગ અટકાવવા માટે તા.૦૯-૦૨-૨૦૨૧ રોજ **"Prevention of Drugs and Substance Abuse Among Children and illicit Traffiking"** નામે જોઈન્ટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્લાનનાં પારા-૭થી મેડિકલ સ્ટોર્સ ખાતેથી દવાઓનાં વેચાણ બાબતે સુચનાઓ થયેલ છે. જે સુચનાઓ મુજબ મેડિકલ સ્ટોર્સ ખાતેથી દવાના વેચાણ સંદર્ભે સજાગતા રાખી શકાય તે હેતુસર મેડિકલ સ્ટોર્સ ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા સુચનાઓ થયેલ હતી. જોઈન્ટ એકશન પ્લાન તથા આવેલ સૂચનાઓ અનુસાર મેડીકલ સ્ટોર્સ ખાતેથી શિડ્યુલ એચ.એચ-૧ અથવા એક્સ મુજબની દવાઓનું ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વિના વેચાણ ન થાય તે હેતુસર સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ કેશોદ દ્વારા સી.આર.પી.સી. કલમ-૧૩૩(૧)બી હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૫ (પાંચ)માં કેશોદ સબ ડિવીઝનના તમામ મેડીકલ સ્ટોર્સ ખાતે, સંપૂર્ણ મેડીકલસ્ટોર્સનુંરેકોર્ડીંગ થઈ શકે તે રીતે ફરજિયાતપણે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. તેનું રેકોર્ડીંગ ૧ વર્ષ સુધી સાચવવાનું રહેશે. તથા સક્ષમ સત્તાધીકારીશ્રી દ્વારા માંગવામાં આવ્યેથી રજૂ કરવાનું રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સી.આર.પી.સી. કલમ-૧૩૬માં દર્શાવ્યા મુજબ આઈ.પી.સી. કલમ-૧૮૮ અનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

# રીક્ષામાં ભુલાયેલ સોનાનો ચેન અને રોકડ રૂપિયાની થેલી માત્ર ૪ કલાકમાં પોલીસે પરત અપાવી

## જૂનાગઢ પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી રીક્ષા ચાલકની શોધી કાઢ્યો




જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢના મીરાનગરમાં રહેતા ભરમીબેન જેશાભાઈ પરમાર પોતાના પૌત્ર સાથે અંગત કારણસર મધુરમ વિસ્તાર જવા ઓટો રીક્ષામાં બેઠા હતા. સરદાર બાગથી બીજી ઓટો રીક્ષા બદલવા દરમ્યાન તેમની સાથે રાખેલ ૨ થેલી પૈકી ૧ થેલી ઓટો રીક્ષામાં જ ભુલી ગયા હતા. થોડા સમય બાદ તેમને માલુમ થયેલ કે તેમની સાથે રાખેલી ૧ થેલી કે, જેમાં ૩૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા એમ કુલ રૂા. ૨,૦૦,૦૦૦ના મૂલ્યની થેલી ઓટો રીક્ષામાં જ ભુલી ગયા છે. તેઓ તાત્કાલીક બીજી ઓટો રીક્ષામાં બેસી જે ઓટો રીક્ષામાં થેલી ભુલાયેલ તેની પાછળ શોધવા માટે પ્રયત્ન કર્યો હતો. પરંતુ ભુલાયેલ થેલી વાળી ઓટો રીક્ષા મળેલ નહી. ૩૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા સહીતની થેલી ભવિષ્યમાં મળવી મુશ્કેલ હોય તેથી તેઓ વ્યથિત થઈ ગયા હતા. આ બાબતની જાણ જિલ્લાના નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ.મશરૂને જાણ કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને માત્ર ચાર જ કલાકમાં રીક્ષા ચાલકને શોધી થેલી પરત અપાવી હતી.

જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ શેટ્ટીની સૂચના મુજબ જૂનાગઢના ડી.વાય.એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ.ચેતન સોલંકી, કુસુમબેન મેવાડા, એન્જીનીયર રેયાઝભાઈ અંસારી સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી ભર્મીબેન પરમાર જે સ્થળેથી ઓટો રીક્ષામાંથી ઉતરેલ તે સ્થળના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરી ઓટો રીક્ષાના નંબર શોધી કાઢ્યા હતા અને તે આધારે ઓટો રીક્ષાના માલીકને શોધી નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પૂછપરછ કરી હતી. ઓટો રીક્ષા ચાલક પણ પોતાની ઓટો રીક્ષામાં કોઈ પેસેન્જર થેલી ભુલી ગયાનુ જણાવેલ, પરંતુ આ થેલી કોની છે ? અને તેમાં શુ છે ? તે પણ તેમને ખ્યાલ ન હતો, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ફક્ત ૪ કલાકમાં ૩૦ ગ્રામ સોનાના ચેન તથા રોકડ રૂપીયા સાથેની કુલ રૂા.૨,૦૦,૦૦૦ની કીંમતની થેલી શોધી અને ભરમીબેન જેશાભાઈ પરમારને પરત અપાવતા નેત્રમ શાખા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ ખાતે બે દિવસ આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાશે

## 'વૈશ્વિક સમસ્યાઓનું સંસ્કૃત સાહિત્યમાં સમાધાન' વિષય ઉપર યોજાશે સેમિનાર

વેરાવળ, તા.૨૨

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ દ્વારા આવતીકાલ તા.૨૩-૨૪ માર્ચ, ૨૦૨૩ એમ બે દિવસ દરમ્યાન આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન થશે. આ સેમિનારનો મુખ્ય વિષય "વૈશ્વિક સમસ્યાઓનું સંસ્કૃત સાહિત્યમાં સમાધાન" રાખવામાં આવ્યો છે. આ વર્ષે ભારતને જી-૨૦ની અધ્યક્ષતા મળી છે અને તેના મુખ્ય વાક્ય "વસુધૈવ કુટુંબકમ"ને ધ્યાનમાં રાખીને આ વિષય ઉપર સેમિનાર કરવામાં આવશે. આ સેમિનારમાં વિદેશી વિદ્વાનો સાથે ભારતભરના પ્રખ્યાત વિદ્વાનો ભાગ લેશે અને વૈશ્વિક સમસ્યાઓના સમાધાન માટે સંસ્કૃત શાસ્ત્રોની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવશે.

આ સંમેલનનું ઉદ્ઘાટન આવતીકાલ તા.૨૩-૦૩-૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પતંજલિ યોગ ભવનના સભાગૃહમાં રાખેલ છે. જેમાં આશીર્વચન આપવા **BAPS** સંશોધન સંસ્થાન, નવી દિલ્હીના નિર્દેશક મહામહોપાધ્યાય પ્રો. સાધુ ભદ્રેશદાસ સ્વામી, મુખ્યાતિથિ તરીકે ગુજરાત સહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ડો. ભાગ્યેશ જહાં, સારસ્વત અતિથિ તરીકે શ્રી જગન્નાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. રવિંદ્ર કુમાર પંડા અને સંસ્કૃત ભારતીના અખિલ ભારતીય સંઘટનમંત્રી દિનેશ કામત જોડાશે. જ્યારે વિશેષ અતિથિ તરીકે વિવસ્વાન્ ફાઉન્ડેશન, પોલેન્ડના નિર્દેશક અને સંસ્કૃત વિદ્વાન શ્રી ફિલિપ્ રૂસિંસ્કી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનાં પ્રેરણાસ્ત્રોત અને અધ્યક્ષ અત્રેની યુનિવર્સિટીના પ્રભારી કુલપતિ પ્રો. (ડો.) લલિતકુમાર પટેલ રહેશે. આમંત્રાકરૂપે અત્રેની યુનિવર્સિટીના કુલસચિવ ડો.દશરથ જાદવ રહેશે. આ સંમેલનનું આયોજન અત્રેની યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.) લલિતકુમાર પટેલ અને કુલસચિવ ડો. દશરથ જાદવના માર્ગદર્શનમાં થનાર છે. અત્રેના વ્યાકરણ વિભાગના પ્રો. વિનોદ કુમાર ઝા અને યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજના પ્રધાનાચાર્ય ડો. નરેન્દ્રકુમાર પંડ્યા ઉક્ત સંમેલનના સંયોજક રહેશે. અત્રેના ડો.જાનકીશરણ આચાર્ય, ડો. જીગર ભટ્ટ અને ડો. વિદુષી બોલ્લા સહસંયોજક તરીકે તેમાં કામગીરી કરશે.

## દેવભૂમિ દ્વારકાની રાવલ નગરપાલિકામાં સત્તા પરિવર્તન

# બહુમતી સભ્ય સાથેનો સ્થાનિક પક્ષ લઘુમતીમાં : ભાજપનો ભગવો લહેરાયો

## કોંગ્રેસ અને સત્તાધારી જૂથનો ટેકો લઈ અને ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાની મહત્વની એવી રાવલ નગરપાલિકામાં મુખ્ય રાષ્ટ્રીય પક્ષો એવા ભાજપ તથા કોંગ્રેસને મહાત આપી અને સ્થાનિક એવી વ્યવસ્થા પરિવર્તન પાર્ટી (વી.પી.પી.)એ બહુમતી મેળવી, સત્તા સંભાળ્યા બાદ આંતરિક સખળ-ડખળ તેમજ પાલિકાના હોદ્દેદારો સામે અવિશ્વાસની દરખાસ્તો બાદ ભાજપએ સોગઠી દાવ રમી અને સતાધારી વી.પી.પી. તથા કોંગ્રેસના સભ્યોનો ટેકો લઈ અને સતા આંચકી લીધી છે. કલ્યાણપુર તાલુકાના રાવલ ગામની નગરપાલિકામાં છ વોર્ડ માટે વર્ષ ૨૦૨૦ માં યોજાઈ ગયેલી સામાન્ય ચૂંટણીમાં ૨૪ પૈકી ૧૨ સભ્યોની બહુમતીથી સ્થાનિક પાર્ટી એવી વ્યવસ્થા પરિવર્તન પાર્ટી (વી.પી.પી.)નું શાસન સ્થપાયું હતું. જ્યારે રાવલ નગરપાલિકામાં ભાજપના આઠ તથા કોંગ્રેસના ચાર સભ્યો વિજેતા બન્યા હતા. વી.પી.પી.ના સત્તાકાળ દરમિયાન નગરપાલિકાના પ્રમુખ મનોજભાઈ જાદવ તથા ઉપપ્રમુખ લીલુબેન વિજયભાઈ સોલંકી સામે વોર્ડ નંબર ૧ માંથી ચૂંટાયેલા લલીતભાઈ લક્ષ્મણભાઈ જાદવ દ્વારા પરિવર્તન પાર્ટીના સભ્યો ઉપરાંત ભાજપ તેમજ કોંગ્રેસના મળી ૧૭ સભ્યોની સંયુક્ત સહીઓથી નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ દરમ્યાન કથિત રીતે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ વી.પી.પી. દ્વારા અગાઉ બે સભ્યોને સસ્પેન્ડ કરતો પણ હુકમ કરવામાં આવ્યો હતો. પાલિકાના સભ્યોને સંકલનમાં રહીને કામ થતું ન હોવાથી ઉપરાંત પાલિકા દ્વારા કરવામાં આવતા બિનજરૂરી ખર્ચા વિગેરે મુદ્દે કરવામાં આવેલી આ અવિશ્વાસની દરખાસ્ત સંદર્ભે પ્રાંત અધિકારી દ્વારા નિયત સમયગાળા દરમ્યાન જનરલ બોર્ડની બેઠક બોલાવવા માટેનો હુકમ કરવામાં આવ્યો હતો.

જે ગત માસમાં મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ રાવલ નગરપાલિકા ખાતે કલેક્ટર દ્વારા જ્યાં સુધી સભ્યો વચ્ચે નવી ચૂંટણી ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે કામ ચલાઉ રીતે પ્રમુખની પણ વરણી કરવામાં આવી હતી. બે અલ્ટીમેટમમાં એક માસના સમયગાળા દરમ્યાન સત્તાધારી જૂથ ખાસ બેઠક બોલાવી અને વિશ્વાસનો મત રજૂ કરવા માટે નિષ્ફળ જતા આના અનુસંધાને પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી સંદર્ભે દ્વારકાના પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયાની અધ્યક્ષતામાં રાવલ નગરપાલિકા ખાતે ગઈકાલે સોમવારે સવારે ખાસ બેઠક યોજવામાં આવી હતી. આ મહત્વની બેઠક પૂર્વે દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક તથા નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી દ્વારા વી.પી.પી. તથા કોંગ્રેસના સભ્યો સાથે ખાસ ગોઠવણ કરી અને સત્તા પરિવર્તન માટેનો તખ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. સોમવારે રાવલ ખાતે પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલી બેઠકમાં જિલ્લા ભાજપના મહામંત્રી રસિકભાઈ નકુમ, યુવરાજસિંહ વાઢેર, મંત્રી રાજુભાઈ ભરવાડ, કેતનભાઈ બુધ્ધભટ્ટી સહિતના હોદ્દેદારોની ખાસ ઉપસ્થિતિ વચ્ચે ભાજપના આઠ, વ્યવસ્થા પરિવર્તન પાર્ટીના દસ, તથા કોંગ્રેસના ચાર સભ્યો હાજર રહ્યા હતા. જ્યારે વી.પી.પી.ના બે સભ્યો ગેરહાજર રહ્યા હતા. નિયત સમયમાં નિયમ મુજબ યોજવામાં આવેલી આ ખાસ બેઠકમાં અવિશ્વાસની દરખાસ્તના સંદર્ભે ભાજપના આઠ સભ્યોએ વ્યવસ્થા પરિવર્તનપાર્ટીના ત્રણ તથા કોંગ્રેસના ત્રણ સભ્યોનું સમર્થન મેળવી કુલ ૧૪ સભ્યોએ બહુમતી મેળવી સામે વ્યવસ્થા પાર્ટીના સાત અને કોંગ્રેસના એક સદસ્ય સહિત કુલ ૮ ના વિરોધ વચ્ચે બહુમતીથી થતા મેળવવા સફળતા મેળવી હતી. આમ, ભાજપે બહુમતી મેળવી સત્તાધારી વ્યવસ્થા પરિવર્તન પાર્ટી લઘુમતીમાં આવી જતા ભાજપ દ્વારા સંકલન સાથીને નવા પ્રમુખ તરીકે લલિતભાઈ લખમણભાઈ જાદવ અને ઉપપ્રમુખ તરીકે લાખીબેન લખમણભાઈ જાદવને બહુમતીથી ચૂંટવામાં આવ્યા હતા.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કંગાળ હાલતમાં આવી ગયેલ પાકિસ્તાન ભારત પ્રત્યેની નીતિ બદલવા તૈયાર નથી

ભારતે તુર્કીમાં જ્યારે ભારે ભૂકંપ આવ્યો ત્યારે જે તત્પરતાથી સહાયતા પહોંચાડી, તેની વૈશ્વિક સ્તરે પ્રશંસા થઈ, પરંતુ પાકિસ્તાને તેની કોઈ પ્રશંસા ન કરી. ભારતે એક વાર ફરીથી માનવીય સંવેદનાનું સશક્ત ઉદાહરણ રજૂ કર્યું, ત્યાંજ આપણા પડોશીએ ફરીથી એ જ ઈર્ષ્યા અને દ્વેષની ભાવના પ્રગટ કરી. પાકિસ્તાન પોતાને ઈસ્લામી દેશ ગણાવે છે, પરંતુ બીજા ઈસ્લામી દેશને આપાતકાલીન સહાયતામાં અડચણો નાખવામાં પણ તે ખચકાતું નથી. દેવાળિયા સાબિત થવાના આરે આવીને ઊભેલો આ દેશ હાલમાં આખા વિશ્વમાં ભીખ માંગતો ફરે છે, પરંતુ ભારતને હજારો જખમ આપવાની નીતિમાં કોઈ બદલાવ કરવા તૈયાર નથી. સત્તામાંથી દૂર થયા બાદ બેહદ હતાશા અને નિરાશામાં ડૂબેલો આપણો વિપક્ષ આજે એમ ઈચ્છે છે કે પાકિસ્તાનને પણ પરિવાર માનવામાં આવે. તે કહે કે ના કહે, ભારતે ત્યાં સહાયતા મોકલવી જોઈએ! જોકે દેશનું જનમાનસ તેના માટે તૈયાર નથી. શું ભારતે એ ભૂલી જવું જોઈએ કે ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ મુંબઈમાં હુમલો કોણે કરાવ્યો હતો? તેના અપરાધી પાકિસ્તાનમાં આજે પણ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. પોતાને ત્યાં અલ્પસંખ્યકોનો લગભગ સફાયો કરનારૂ પાકિસ્તાન ભારતના મુસલમાનો માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ચિંતા વ્યક્ત કરે છે અને હાંસીને પાત્ર બનતું રહે છે. કોઈપણ દેશને સહાયતા આપવા માટે સર્વોત્તમ નીતિ-નિર્દેશ યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં સમાયેલ છે. યક્ષને યુધિષ્ઠર કહે છે કે દાન સુપાત્રને જ આપવું જોઈએ. દેખીતું છે કે ભારત માટે પાકિસ્તાન ક્યારેય સુપાત્રની શ્રેણીમાં નથી રહ્યું.

કોઈપણ નિષ્પક્ષ અધ્યયનમાં એ સ્વીકાર્ય હશે કે ભારતમાં લોકતંત્રનાં મૂળિયાં ઊંડાં ઉતરી ગયાં છે. ૧૯૪૭માં ભારતના મુસલમાનો માટે એક સુરિક્ષત દેશ નિર્મિત કરવાની અપરિપક્વ જીદ પર વિભાજનની દુર્ઘટના લાદીને બનાવવામાં આવેલ પાકિસ્તાનની વર્તમાન દયનીય સ્થિતિથી આજે સમગ્ર વિશ્વ વાકેફ છે. અસલમાં પાકિસ્તાનના ઈસ્લામી શાસકો ક્યારેય અન્ય મતાવલંબીઓ પ્રત્યે દુર્ભાવનાથી મુક્ત નથી રહી શક્યા. ભારત સાથે પ્રતિસ્પર્ધા કરવામાં તેઓ એટલા આંધળા થઈ ગયા કે પોતાના દેશના લોકોના હિતોની પૂર્તિ તેમની પ્રાથમિકતામાં ન રહી. એટલું જ નહીં, ત્યાં સત્તાવાર રીતે પ્રારંભિક શિક્ષણથી જ હિંદુઓ પ્રત્યે વિશેષ રૂપે ઘૃણાના પાઠ ભણાવવામાં આવી રહ્યા છે. પાકિસ્તાને અન્ય તમામ પંથોને ઈસ્લામથી કમતર માનવા માટે પોતાના યુવાઓને જે તન્મયતાથી તૈયાર કર્યા, તેણે તેને દુનિયાનો સૌથી અસુરિક્ષત દેશ તો બનાવી જ દીધો, ખુદ પાકિસ્તાનમાં હિંસાનું સામ્રાજ્ય ફેલાવી દીધું છે. પાકિસ્તાનમાં જે રીતે અલ્પસંખ્યકોની સંખ્યા ઘટી, તે માનવાધિકારોના હનનનો અત્યંત દુઃખદ અધ્યાય છે. નૈતિકતા અને માનવીય સંવેદનશીલતાનો હ્રાસ વ્યક્તિને જ નહીં, રાષ્ટ્રને પણ અંદરથી ખોખલું બનાવી દે છે.

આવા વાતાવરણમાં ભ્રષ્ટ આચરણ કરનારાઓને ખુલ્લી છૂટ મળી જાય છે. અવિભાજિત ભારતના સ્વતંત્ર સંગ્રામમાં તમામ સમુદાયો તથા ક્ષેત્રોની સશક્ત ભાગીદારી રહી. ખાન અબ્દુલ ગફાર ખાન જેવા દેશભક્તોને કોણ ભૂલી શકે, જેમને વિભાજને 'વરૂઓ સામે' નાખી દીધા હતા. ગાંધીજી દ્વારા પ્રતિપાદિત મૂલ્યોનો પ્રભાવ મત અને પંથથી ઉપર ઉઠીને તમામ પર પડ્યો હતો. આઝાદી બાદના બે-ત્રણ દાયકાઓ સુધી દેશમાં સત્તા અને તેની બહાર એવા લોકો ઉપસ્થિત હતા, જેમણે દેશમાટે બધું જ ન્યોછાવર કર્યું હતું. યુવાઓ પર તેમનો પ્રભાવ પડતો હતો. જેઓ સત્તામાં પહોંચીને ત્યાંની ચકાચૌંધમાં આ મૂલ્યોને છોડવા માંગતા હતા, તેમની પણ આંખોમાં થોડી શરમ બાકી હતી. આ સ્થિતિએ જ ભારતમાં લોકતંત્રને પાંગરવામાં સહાયતા કરી. ત્યાં જ પાકિસ્તાન તેનાથી વંચિત રહ્યું, કારણ કે તેના નેતૃત્વને વ્યક્તિગત લાલચે શરૂઆતથી જ જકડી લીધું હતું. ત્યાં નૈતિકતાના સ્થાને ધર્માંધતાને જ ઉત્તેજન આપવામાં આવ્યું, જેનાં પરિણામ બધા સામે છે.

લોકતંત્રનાં મૂળિયાંને સતત ખાતર-પાણી આપતા રહેવાની પણ જરૂર હોય છે. ભારતમાં પાછલા દાયકામાં જે નીતિગત પરિવર્તન થયાં છે, તેના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પક્ષો પર સકારાત્મક પ્રભાવ પડ્યા છે. જે સત્તામાં નથી, પરંતુ પહેલાં રહી ચૂક્યા છે, તેમની વ્યથા તો સમજી શકાય છે. પરંતુ તેમની સકારાત્મક પરિવર્તન જોઈ શકવાની ક્ષમતાનો પૂર્ણ હ્રાસ લોકતંત્ર આગળ વધતા રહેવા માટે ચિંતાનો વિષય છે. દિલ્હી નગર નિગમમાં પાર્ષદો વચ્ચે મારમારી જેવાં અનેક ઉદાહરણો ન માત્ર શરમજનક છે, પરંતુ સામાન્ય જન દ્વારા તેની ભર્ત્સના જરૂરી છે. હાલની કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલ કલ્યાણકારી યોજનાઓમાં કોઈપણ પ્રકારના ભેદભાવ નથી રખાતો તે ભારતના અલ્પસંખ્યકોની વચ્ચે મોટો સકારાત્મક દૃષ્ટિકોણ લાવી રહી છે. આ પરિવર્તન દેશના વિકાસને નવી દિશા આપવામાં ભારે ભૂમિકા નિભાવશે, પરંતુ દેશના દરેક સજાગ અને સતર્ક નાગરિકને ધ્યાનમાં રાખવું પડશે કે તે વિઘટનકારી તત્ત્વો જે વોટબેંક, જાતીવાદ અને ક્ષેત્રવાદના આધારે લોકોને પાંચ-છ દાયકા સુધી ભરમાવતા રહ્યા, આજે ફરીથી સક્રિય થયા છે. તેમને જ્યોર્જ સરોસ જેવા સમાજમાં ભાગલા પાડનાર પર વિશ્વાસ છે. સામાજિક સદ્ભાવ અને પંથિક સમરસતાને લઈને જે નવો દૃષ્ટિકોણ દેશમાં પેદા થઈ રહ્યો છે, તેના પર સતત આક્રમણ કરનારાઓથી સચેત રહેવું આવશ્યક છે. પાકિસ્તાન આજે બદહાલીની ગર્તામાં પહોંચવાનું મુખ્ય કારણ તેના નેતૃત્વમાં ભવિષ્ય દૃષ્ટિની ગેરહાજરી, સ્વાર્થ અને લાલચ છે. તેનો મુખ્ય આધાર ભારત વિરોધ અને હિંદુઓ તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યે તેમની ઘોર ઘૃણા જ છે. ભારત અને દરેક ભારતીયે આ તથ્યને યાદ રાખવું જરૂરી છે.

# માર્ચ એન્ડિંગમાં નાણાંકીય હિસાબી કામગીરીને સમય મર્યાદામાં પૂર્ણ કરવા જૂનાગઢ જીલ્લા તિજોરી કચેરીનું વિશેષ આયોજન








## પ્રજાલક્ષી યોજનાઓ, અનુદાન અને પગાર બિલોના ચૂકવાણા માટે મોડે સુધી કચેરીમાં ચાલતી કામગીરી

જૂનાગઢ, તા.૨૨ : નાણાકીય વર્ષ ૨૦૨૨– ૨૩ તા. ૩૧ માર્ચના રોજ પૂર્ણ થનાર છે. ત્યારે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંતિમ દિવસોમાં સરકારની ગ્રાન્ટ, ખર્ચના બિલોનો ચુકવણું નિયત સમય મર્યાદામાં થાય એ માટે જૂનાગઢ તિજોરી કચેરી દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માર્ચ મહિના અંતિત તિજોરી કચેરીની નાણાકીય અને હિસાબી કામગીરીને સમય મર્યાદામાં તેમજ સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા જૂનાગઢ જિલ્લા તિજોરી કચેરીમાં સમગ્ર સ્ટાફ દ્વારા સવારના ૧૦-૩૦ થી કચેરી સમય બાદ પણ રાત્રીના ૯ કલાક સુધી સરેરાશ કામગીરી કરવામાં આવી રહી છે. જૂનાગઢ જિલ્લાની ૧૦૦ જેટલી સરકારી કચેરીઓ, પેટા કચેરીઓના કર્મચારીઓના પગાર ભથ્થા સમયસર ચૂકવવા તથા જૂનાગઢ જિલ્લાના અંદાજિત ૧૭૦૦૦ જેટલા પેન્શનરનરોને પેન્શન ચૂકવવાનું તેમજ વિવિધ સહાય લોકકલ્યાણકારી યોજનાઓ, શિષ્યવૃત્તિ શૈક્ષણિક અને ઔદ્યોગિક કૃષિ પ્રવૃત્તિઓની સહાય સબસીડીના ચુકાદાઓ સમયસર થઈ શકે એ માટે જૂનાગઢ જિલ્લા તિજોરી કચેરીના સ્ટાફ દ્વારા કામગીરીનો મહત્તમ નિકાલ થાય એ માટે કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે ઈન્ચાર્જ જિલ્લા તિજોરી અધિકારી બી.ડી. સાંગાણીએ જણાવ્યું હતું કે, નાણા વિભાગના પરિપત્ર મુજબ બિલોનો સ્વીકાર, ચકાસણી અને ચુકવણા માટે સ્ટાફ કામગીરીનું આંતરિક આયોજન કરી પોતાની કામગીરી ઉપરાંત નોડલ અધિકારીની નિમણૂંક કરીને વધારાની કામગીરી સોંપવામાં આવેલ છે. ઉપરાંત જૂનાગઢ જિલ્લા તિજોરી કચેરી હેઠળ કાર્યરત આઠ પેટા તિજોરી ક્ચેરીનું મોનિટરિંગનું કામ પણ કરવામાં આવી રહયું છે. નોડલ અધિકારી દ્વારા બિલોનું સ્ટેટસ, નિકાલ અને ડેટા કલેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે.વધુમાં બહુમાળી વિસ્તારમાં માર્ચ એન્ડીંગની કામગીરીમાં કોઈ મુશ્કેલી કે વિક્ષેપ ન પડે તે માટે સરદારબાગ બહુમાળી ભવન વિસ્તારમાં ઈલેક્ટ્રીક પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે સંબંધિત વિભાગને જણાવવામાં આવેલ છે. તેમજ હિસાબી કામગીરી મોડે સુધી ચાલુ રહેતી હોય જૂનાગઢ તથા જૂનાગઢના તમામ તાલુકાની એસબીઆઈ બેન્કને તારીખ ૩૧ માર્ચે મોડી રાત સુધી શરૂ રાખવા જૂનાગઢ કલેકટર રચિત રાજ દ્વારા સુચના આપવામાં આવી છે.

- સંકલન – ક્રિષ્ના સીસોદિયા

# "બાળક તંદુરસ્ત તો દેશ સશક્ત" : ઓરી અને રૂબેલાને એમ.આર. રસીના બે ડોઝથી અટકાવી શકાય : ૧૫૦થી વધુ દેશોમાં થાય છે એમ. આર. રસીનો ઉપયોગ : અફવાઓથી દૂરસ્ત રહીને બાળકોને તંદુરસ્ત રાખવા રસી અપાવવા અનુરોધ

"બાળક તંદુરસ્ત તો દેશ સશક્ત." ઓરી એ ખૂબ ચેપી અને ઝડપથી ફેલાતો વાયરલ તાવ છે. એ કોઈ પણ ઉંમરે થઈ શકે છે. ચેપગ્રસ્ત વ્યક્તિની છીંક સમયે નાક, મો અથવા ગળામાંથી પ્રવાહીકણો દ્વારા આ રોગ ફેલાય છે. જ્યારે રૂબેલા એ સામાન્ય દેખાય છે અને ઝડપથી ફેલાતો વાયરલ રોગ છે. રૂબેલાના મુખ્ય લક્ષણોમાં તાવ અને આછો દાણો (લાલાશ ધરાવતા દાણા દાણા જેમાં પ્રવાહી ભરેલ ના હોય), સાથે ગળા તથા કાનની પાછળ વિસ્તૃત લસિકા ગાંઠોમાં સોજો જોવા મળે છે. રૂબેલા એ હળવો રોગ છે અને બાળકોને અસર કરે છે. ગર્ભવતી મહિલાના ગર્ભસ્થ શિશુને પણ રૂબેલાનો ચેપ લાગી શકે છે. ઓરી અથવા રૂબેલા માટે કોઈ ચોક્કસ સારવાર નથી. એમ. આર. રસીના બે ડોઝથી ઓરી અને રૂબેલા રૂબેલા(સી.આર.એસ.)ને અટકાવી શકાય છે. ઓરી અને રૂબેલાની રસી વિશે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નીચેની ગાઈડલાઈન જારી કરાયેલી છે.ઓરી (મિઝલ્સ) અને રૂબેલા (નૂરબીબી) નાબૂદીની નેમ સાથે રાજકોટ જિલ્લામાં રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ બંને રોગ સામે રક્ષણ આપતી રસી વિશે ફેલાતી ગેરસમજ અને અફવાથી બચવું જોઈએ અને બાળકોને આ રસી અચૂક અપાવવી જોઈએ.આ એમ.આર.ની રસી વિશ્વ આરોગ્ય સંગઠને પ્રમાણિત કરેલી છે અને આ રસી ૧૫૦થી વધુ દેશોમાં સફળતાપૂર્વક ઉપયોગમાં લેવાય છે. ક્યારે અપાય છે એમ.આર.ની રસી : સામાન્ય રીતે બાળકોને બે વર્ષની ઉમર સુધીમાં એમ. આર. રસીના બે વાર ડોઝ આપવામાં આવે છે. પહેલો ડોઝ ૯ થી ૧૨ મહિનાની વચ્ચેના સમયગાળામાં અને બીજો ડોઝ ૧૬ થી ૨૪ મહિનાની વચ્ચે આપવામાં આવે છે. એમ.આર.ની રસી સંપૂર્ણ સુરક્ષિત છે : ઓરી અને રૂબેલાની રસી સંપૂર્ણ સુરિક્ષત છે. આજે આ રસીનો ઉપયોગ ૧૫૦થી વધુ દેશોમાં થઈ રહ્યો છે. આ એમ.આર. રસીનો ઉપયોગ કરવાથી બાળકોમાં ખૂબ લાભદાયક પરિણામ જોવા મળે છે. આ રસી આપવાથી બાળકોમાં આ બન્ને રોગ થવાની સંભાવના ખૂબ ઓછી રહે છે. ઈન્જેકશનની જગ્યાએ હલકો સોજો અને ખંજવાળ જેવા લક્ષણો જોવા મળી શકે છે, પરંતુ તે ઝડપથી મટી જાય છે. એમ.એમ.આર.ની રસી આપ્યા પછી એમ.આર.ની રસી ક્યારે આપી શકાય? : બાળકોને એમ.એમ.આર. રસી આપ્યા બાદ એમ.આર. રસી આપી શકાય છે. જે બાળકને તાજેતરમાં જ સ.સ.ઈ. રસી મુકાવી હોય તો તેના ૨૮ દિવસ પછી એમ.આર. રસીનો ડોઝ આપી શકાય. આ રસી ઓરી અને રૂબેલાથી સંપુર્ણપણે સુરક્ષિત રાખે છે. એમ.આર.ની રસી ક્યાં મુકવામાં આવે છે? : એમ.આર.ની રસી સરકારી હોસ્પિટલ, આંગણવાડી, શાળાઓમાં તેમજ મોબાઈલ વાહન દ્વારા વિનામૂલ્યે મુકી આપવામાં આવે છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ રસી મુકાવી શકાય છે. એમ.આર. રસીની ગુણવત્તાઃ આ એમ.આર.ની રસી વિશ્વ આરોગ્ય સંગઠને પ્રમાણિત કરેલી છે અને આ રસી ૧૫૦થી વધુ દેશોમાં સફળતાપૂર્વક ઉપયોગમાં લેવાય છે. દરેક એમ.આર.રસી ઉપર vaccine vial monitor લગાવવામાં આવ્યું છે. જેથી આ રસીની ગુણવત્તા જાણી શકાય. સરકાર દ્વારા સારી ગુણવત્તાની જ રસી બાળકોને લગાવવામાં આવે છે. શું તાવ હોય ત્યારે રસી આપી શકાય? : તાવ, શરદી વગેરે બિમારીમાં આ રસી મૂકી શકાય પરંતુ ડોક્ટરની સલાહ અનુસાર દર્દીને રસી આપવી જોઈએ. જેથી સારવાર સારી રીતે થઈ શકે. નાની બીમારીઓમાં આ રસી આપવાથી કોઈ પણ પ્રકારનું નુકસાન નથી.એમ.આર.રસી ક્યાં સમય અને કોને ન આપવી : વધારે પડતો તાવ આવતો હોય ત્યારે હોસ્પિટલમાં દાખલ બાળકોને, એમ.એમ.આર રસી આપ્યા બાદ તુરંત ન આપવી, ૨૮ દિવસો બાદ આપી શકાય.

અહેવાલ : સંદીપ કાનાણી

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સદાય પ્રસન્ન રહેનાર પોતે પણ સુખી થાય છે અને બીજાને પણ સુખી કરે છે.

- સુભાષિત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. શાબાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૧ ઈષ્ટી, ગુડી પડવો, શાલિવાહન શાકે. ૧૯૪૫ પ્રારંભ, ચૈત્ર નવરાત્રી શરૂ, પંચક તા.૨૨ માર્ચ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૨૯, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, શુક્લ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬ઃ૫૫, સૂ.અ.૭ઃ૦૨
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
વૃષભ :મનની ઈચ્છા ફળે. મહત્વના કાર્યમાં પ્રગતિ થાય.
મિથુન :વાહનથી સંભાળવું હિતાવહ. નવિન આર્થિક લાભ મળે.
કર્ક : પ્રિયજનથી વિરહ રહે. ધંધાના કાર્યોમાં સફળતા મળે.
સિંહ : વ્યર્થ માનસિક ચિંતા સતાવે. ઉચ્ચાટ ભર્યોદિવસ વ્યતિત થાય.
કન્યા : કૌટુંબિક કાર્યોમાં સફળતા મળે. યશ, માન, કીર્તિ મળે.
તુલા : માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય. મહત્વના પ્રશ્નોનો નિકાલ થાય.
વૃશ્ચિક રોકાયેલા નાણાંછૂટા થાય. મકાન-જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે.
ધન : જીવનસાથીના સહકારથી કાર્યમાં સફળતા મળે. નવિન તક સાંપડે.
મકર : સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું લાગે, વ્યર્થ ભાગ-દોડ કરવી પડે.
કુંભ : ધનહાનિના યોગ હોઈ સંભાળવું. પ્રવાસમાં નિષ્ફળતા મળે.
મીન : ગૃહજીવનમાં ચકમકઝરે. નવા લાભની આશા ફળે.

# આજે વિશ્વ જળ દિવસ




યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ તા.૨૨ માર્ચને વિશ્વ પાણી દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો, જે ૧૯૯૩ થી મનાવવામાં આવ્યો. વિશ્વ જળ દિવસ ૧૯૯૨ માં પર્યાવરણ અને વિકાસ ઉપર સંયુક્ત રાષ્ટ્ર પરિષદનો છે જ્યાં પાણી માટે આંતરરાષ્ટ્રીય પાલનની ભલામણ કરવામાં આવી હતી. પાણી દરેકને અસર કરે છે, તેથી આપણે બધાએ પગલાં લેવાની જરૂર છે. વિશ્વ જળ દિવસ ૨૦૨૩ એ પાણી અને સ્વચ્છતા સંકટને ઉકેલવા માટે પરિવર્તનને વેગ આપવા વિશે છે. સમગ્ર જળચક્રમાં નિષ્ક્રિયતા આરોગ્યથી ભૂખમરો, લિંગ સમાનતાથી નોકરીઓ, શિક્ષણથી ઉદ્યોગ અને આપત્તિઓથી લઈને શાંતિ સુધીના તમામ મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ ઉપર પ્રગતિને નબળી પાડે છે.૨૦૧૫ માં, વિશ્વએ ૨૦૩૦ એજન્ડાના ભાગ રૂપે ટકાઉ વિકાસ ધ્યેય (SDG) ૬ માટે પ્રતિબદ્ધ કર્યું - વચન કે દરેક વ્યક્તિ ૨૦૩૦ સુધીમાં પાણી અને સ્વચ્છતાનું સુરક્ષિત રીતે સંચાલન કરશે.અત્યારે, ગંભીર રીતે ઓફ-ટ્રેક છીએ.અબજો લોકો અને અસંખ્ય શાળાઓ, વ્યવસાયો, આરોગ્યસંભાળ કેન્દ્રો, ખેતરો અને કારખાનાઓને રોકી દેવામાં આવ્યા છે કારણ કે તેમના પાણી અને સ્વચ્છતાના માનવ અધિકારો હજુ પૂરા થવાની જરૂર છે.પરિવર્તનને વેગ આપવાની તાતી જરૂરિયાત છે. હંમેશની જેમ વ્યવસાય'થી આગળ વધવા માટે ચાર ગણી ઝડપથી કામ કરવું જોઈએ, પરંતુ આ એવી પરિસ્થિતિ નથી કે જેને કોઈ એક અભિનેતા અથવા જૂથ હલ કરી શકે.પાણી દરેકને અસર કરે છે, તેથી આપણે બધાએ પગલાં લેવાની જરૂર છે. પાણી બચાવવા માટે શૌચાલયનો ઉપયોગ એશટ્રે અથવા વેસ્ટબાસ્કેટ તરીકે કરવાનું બંધ કરો. શૌચાલયની ટાંકીમાં પ્લાસ્ટિકની બોટલ મૂકો. વરસાદનાં પાણીના ટાંકા બનાવો, વોટર સેવિંગ શાવર હેડ અથવા ફ્લો રિસ્ટ્રિક્ટર ઈન્સ્ટોલ કરો.સ્નાન કરતી વખતે પાણીનો બગાડ ન કરો. તમારા દાંત સાફ કરતી વખતે પાણી બંધ કરો.શેવ કરતી વખતે પાણી બંધ કરી દો.જળ એજ જીવન છે તે મંત્ર યાદ રાખો.વૈશ્વિક જળ સંકટ એ વિશ્વભરના લાખો લોકોને અસર કરતી એક મહત્વપૂર્ણ સમસ્યા છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર, ૨.૨ બિલિયન લોકો પીવાના પાણીની અછત ધરાવે છે, અને ૪.૨ બિલિયન લોકો સુરક્ષિત રીતે સંચાલિત સ્વચ્છતા સેવાઓનો અભાવ છે.આ કટોકટીના પરિણામો વિનાશક છે, કારણ કે તે આરોગ્ય અને સ્વચ્છતાથી લઈને ખાદ્ય સુરક્ષા અને આર્થિક વિકાસ સુધીની દરેક વસ્તુને અસર કરે છે.આ કટોકટીની તાકીદને અતિરેક કરી શકાતી નથી. ૨૦૫૦ સુધીમાં વિશ્વની વસ્તી ૯.૮ અબજ સુધી પહોંચવાનો અંદાજ છે, પાણીની માંગ માત્ર વધશે. વધુ વારંવાર અને ગંભીર દુષ્કાળ, પૂર અને અન્ય આત્યંતિક હવામાન ઘટનાઓ સાથે, આબોહવા પરિવર્તન પણ સમસ્યાને વધારે છે.તેથી, તે જરૂરી છે કે આપણે પાણીનું સંરક્ષણ કરવા અને ભાવિ પેઢીઓ માટે તેનો ટકાઉ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે અત્યારે જ પગલાં લઈએ.

- ડો.જી.આર. ગોહિલ



### ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના અન્વયે

# રાજ્ય સરકાર સાથે પાંચ શ્રેણીમાં કુલ રૂા.૭૯,૩૭૫ કરોડના ૫૬ MoU થયા

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકારે ઓકટોબર ૨૦૨૨માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરેલી 'ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ' મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. આ યોજના અન્વયે રાજ્યમાં જુદા-જુદા સ્થળોએ ઉદ્યોગ શરૂ કરવા માટે વિવિધ ઉદ્યોગકારો અને રાજ્ય સરકાર વચ્ચે દર સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે સોમવારે MoU કરવાનો નવતર ઉપક્રમ યોજાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશમાં આ ઉપક્રમના પાંચ તબક્કાઓ પૂર્ણ થયા છે અને કુલ ૫૬ જેટલા MoU ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આના પરિણામે ગુજરાતમાં કુલ ૭૯,૩૭૫ કરોડ રૂપિયાનું સૂચિત મૂડીરોકાણ આકર્ષિત થયું છે. એટલું જ નહીં, આ ઉદ્યોગો શરૂ થવાથી ૫૪,૭૩૦ જેટલા લોકોને રોજગાર અવસર પણ આવનારા દિવસોમાં મળતા થશે. 'ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્ટસ ટુ ઈન્ડસ્ટ્રીઝ'ને વધુ ગતિ આપતાં સોમવારે તા.૨૦મી માર્ચે એક જ દિવસમાં ૨૦ MoU મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ વિવિધ ઉદ્યોગકારોએ કર્યા હતા. નાણાં-ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ અને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં થયેલા આ ૨૦ MoU દ્વારા રાજ્યમાં રૂા.૧૧,૮૨૦ કરોડનું સૂચિત રોકાણ આવશે અને ૧૬,૧૦૦ જેટલી સંભવિત રોજગારીનું સર્જન થશે. આ બહુવિધ MoU અન્વયે લિથીયમ- આયન બેટરી મટિરીયલ્સ એન્ડ એડવાન્સ ફાર્મા ઈન્ટરમીડિયેટ, ડેન્સ સોડા એશ, ફૂડ પ્રોસેસિંગ, સ્પેશિયાલિટી કેમિકલ્સ, API, ક્રાફટ એન્ડ ડૂપ્લેક્સ પેપર-બોર્ડ, પર્સનલ કેર માટેની સ્પેશિયાલિટી પ્રોડક્ટસ વગેરે ક્ષેત્રોના ઉદ્યોગોમાં રોકાણો આવશે. આ ઉદ્યોગો દહેજ, સાયખા, ઝઘડિયા, સચિન, સરીગામ અને અંકલેશ્વર તેમજ દ્વારકા, ધોળકા તથા સાદરાકડીમાં પોતાના ઉત્પાદન એકમો દ્વારા ૨૦૨૫ સુધીમાં વ્યવસાયિક ઉત્પાદન શરૂ કરશે. આ 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ' અન્વયે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે જર્મની, યુ.એસ.એ, યુકે, કુવૈત, મલેશિયા સહિતના અન્ય દેશોએ પણ MoU કરેલા છે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાનીએ રાજ્ય સરકાર વતી તથા સંબંધિત ઉદ્યોગકારોએ પોતાના એકમો વતી MoU ઉપર હસ્તાક્ષર કરીને મુખ્યમંત્રી તથા મંત્રીઓ સમક્ષ આપ-લે કરી હતી.

## ગુજરાતમાં વર્ષ ૨૦૨૧માં ૭૧ હજાર અને વર્ષ ૨૦૨૨માં ૭૩ હજારથી વધુ કેન્સરના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, લોકસભામાં ડિસેમ્બર-૨૦૨૨માં દેશભરમાં કેન્સરની સ્થિતિ અંગે પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં જાણવા મળ્યું છે કે, ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૧માં ૭૧,૫૦૭ જ્યારે વર્ષ ૨૦૨૨માં ૭૩,૩૮૨ કેસ નોંધાયા હતા. વિધાનસભા પ્રશ્નોતરીમાં અમદાવાદ સિવિલ મેડિસીટીની ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં નોંધાયેલ દર્દીઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૧માં ૨૩,૬૯૫ જ્યારે વર્ષ ૨૦૨૨માં ૨૫,૧૯૨ દર્દીઓ નોંધાયા હોવાનું જણાવવામાં આવ્યું હતુ. રાજ્યમાં કેન્સરનું પ્રમાણ રોકવા અને લોકોમાં જનજાગૃતિ માટે છેલ્લા ૮ વર્ષમાં જી.સી.આર.આઇ. દ્વારા ૬૪૧ જેટલા કેમ્પ કરીને ૫૮ હજાર જેટલા લાભાર્થીઓને વિવિધ ટેસ્ટ, સ્ક્રીનીંગનો લાભ આપવામાં આવ્યો છે. આ કેમ્પમાં સ્ત્રીઓમાં મુખ્યત્વે થતા ગર્ભાશયના મુખના કેન્સર, સ્તન કેન્સરની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવે છે. વધુમાં સ્તન કેન્સર માટે મેમોગ્રાફી અને ગર્ભાશયના કેન્સરની તપાસ માટે પેપર સ્મેયર પણ કરવામાં આવે છે. ગુજરાત સરકારે રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બને તેવું સુદ્દઢ માળખું, સેવાઓ તૈયાર કરી છે. જી.સી.આર.આઇ.માં તાજેતરમાં જ અંદાજિત રૂા.૮૫ કરોડના ખર્ચે રેડિયોથેરાપી સારવાર માટે અદ્યતન મશીનો વસાવવામાં આવ્યા છે. જી.સી.આર.આઇ.માં આવતા કુલ દર્દીઓ પૈકી ૩૦થી ૩૨ ટકા દર્દીઓ અન્ય રાજ્યોમાંથી આવે છે તેમ જણાવાયું હતું.

# કિરણ પટેલે કાશ્મીરના તંત્રને છેતરવા માટે માત્ર ૧૦૦ રૂા. ખર્ચ્યા : અધિકારીઓને ગંધ પણ ન આવી

### કિરણ પટેલ મામલે એક પછી એક થઈ રહેલા ખુલાસા : મહાઠગને મોટા માથાઓનું સમર્થન હોવાની પ્રબળ શક્યતા



અમદાવાદ, તા.૨૨

અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા કિરણ પટેલ કે જેણે પોતાની ઓળખ પીએમઓના ટોપ અધિકારી તરીકે આપી હતી. બાદમાં જમ્મુ-કાશ્મીરમાં ઝેડ પ્લસ સુરક્ષા મેળવી હતી. આખરે તેની પોલ ખૂલી ગઈ હતી અને કાશ્મીર પોલીસે તેની ધરપકડ કરી હતી. તેણે કાશ્મીરના સમગ્ર વહીવટી તંત્રને છેતરવા માટે માત્ર રૂપિયા ૧૦૦નો ખર્ચ કર્યો હતો. આરોપી કિરણ પટેલે મણિનગરમાં આવેલી પ્રિન્ટિંગ પ્રેસમાંથી માત્ર ૧૦૦ રૂપિયામાં વિઝિટિંગ કાર્ડ મેળવ્યા હતા. આ વિઝિટિંગ કાર્ડમાં તેણે પોતાની ઓળખ પીએમઓના એડિશનલ ડિરેક્ટર તરીકે આપી હતી. આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું કે, ગયા ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં શ્રીનગરમાં ચાર બ્યુરોકેટ્સ, ભાજપના કેટલાંક સિનિયર નેતાઓ અને પોલીસ અધિકારીઓ સાથેની છેલ્લી મુલાકાતમાં આ વિઝિટિંગ કાર્ડનો ઉપયોગ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, મુલાકાત બાદ આરોપી કિરણ પટેલ આ વિઝિટિંગ કાર્ડ પરત લઈ લેતો હતો અને ફરીથી તેનો ઉપયોગ કરતો હતો. કિરણ પટેલ અને તેના બે સાથીદારો અમિત પંડ્યા તથા જય સીતાપરાએ શ્રીનગરના એક વરિષ્ઠ પોલીસ અધિકારી સહિત વિવિધ અધિકારીઓને ફોન કર્યો હતો. પોતાના અને તેના બે સાગરિતો માટે એક હોટલ, ઝેડ પ્લસ સુરક્ષા અને બુલેટપ્રૂફ વાહનોની વ્યવસ્થા માટે તેણે આ ફોન કર્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપી કિરણ પટેલે પોતાની ધરપકડ પહેલાં શ્રીનગરમાં તેના એસ્કોર્ટ સાથે મોબાઈલ સિગ્નલ જામર ન આપવા બદલ એક વરિષ્ઠ પોલીસ અધિકારીને ખખડાવ્યા હતા. ગુજરાત પોલીસના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, કિરણ પટેલ, પંડ્યા અને સીતાપરાએ વિવિધ વરિષ્ઠ નેતાઓ અને સેવાનિવૃત સરકારી અધિકારીઓને કાશ્મીરમાં વિવિધ પ્લોટના સપના બતાવ્યા હતા. જે રીતે કિરણ પટેલ વર્તી રહ્યો હતો એ જોતા એવું લાગી રહ્યું છે કે તેને કેટલાંક મોટા માથાઓનું સમર્થન હતું. નહીં તો તે સોશિયલ મીડિયા ઉપર પીએમઓના અધિકારી તરીકે પોસ્ટ કરવાનું ટાળ્યું હોત. ઝેડ પ્લસ સિક્યુરિટીનો દેખાડો કરવો, કાશ્મીરના વિવિધ વિસ્તારોમાં ફરવાનું અને સુરક્ષાકર્મીઓ સાથે વિડીયો તથા ફોટોગ્રાફ્સ પોસ્ટ કરવાથી તેની સામે શંકા ઊભી થઈ હતી. જે બાદ તે ઝડપાયો હતો, એવું સૂત્રોએ જણાવ્યું હતું. કિરણ પટેલની સોશિયલ મીડિયા પોસ્ટે પણ તેને કેન્દ્ર સરકારની સાથે એક રચનાત્મક સલાહકાર તરીકે દર્શાવી હતી. સૂત્રોએ એવું પણ જણાવ્યું કે, જયારે શ્રીનગર પોલીસે ગઈ ૨ માર્ચના રોજ હોટલ લલિતમાંથી કિરણ પટેલને ઝડપ્યો હતો. એ સમયે તેની સાથે પંડ્યા અને સીતાપરા પણ હતા. કાશ્મીરની નિશાત પોલીસે આ મામલે આરોપી કિરણ પટેલ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# AIIMSના રિપોર્ટ અનુસાર ભારતની અડધી વસ્તીને ઊંઘ નથી આવતી, હાર્ટ એટેકનો ખતરો

AIIMS
All India Institute Of Medical Sciences

નવી દિલ્હી, તા.૨૨

જો ઊંઘ પૂરી ન થાય તો તેનો ખતરો ઘણો વધારે છે. આનાથી મૃત્યુ પણ થઈ શકે છે. વાસ્તવમાં જે લોકો ઓછી ઊંઘ લે છે તેમને હાર્ટ એટેકનું જોખમ વધારે હોય છે. આમ છતાં ભારતની લગભગ અડધી વસ્તીને ઊંઘ આવતી નથી. AIIMSના રિપોર્ટ અનુસાર ભારતમાં ૩૩ થી ૫૦ ટકા લોકોને ઊંઘની સમસ્યા છે. AIIMSના રિપોર્ટ અનુસાર, ભારતમાં અડધી વસ્તીની આંખોને આટલી સારી ઊંઘ મળતી નથી. તમારે એ પણ જાણવું જોઈએ કે ઊંઘ ઉપર આ વિશ્લેષણ શા માટે જરૂરી છે. AIIMSના રિસર્ચ મુજબ, જે લોકો ૫ કલાકથી ઓછી ઊંઘ લે છે તેઓને ૭ કલાકની ઊંઘ લેનારા લોકો કરતાં હાર્ટ એટેકનું જોખમ ૫૬% વધારે હોય છે. જો તમે સતત ૧૭ થી ૧૮ કલાકથી ઓછી ઊંઘ મેળવી શકતા હોવ તો તમને ગંભીર વિકૃતિઓ થઈ શકે છે. ૧૭ કલાકથી વધુ સમયનો બેકલોગ માર્ગ અકસ્માતોનું મુખ્ય કારણ બની શકે છે. વર્લ્ડ સ્લીપ ડે ઉપર વધુ એક સર્વે સામે આવ્યો છે. મેટ્રેસ કંપની Wakefit Wakefit.co દર વર્ષે ગ્રેટ ઈન્ડિયન સ્લીપ સ્કોર કાર્ડ બહાર પાડે છે. આ અભ્યાસ છેલ્લા ૬ વર્ષથી કરવામાં આવી રહ્યો છે. તેનો ડેટા દર વર્ષે બહાર પાડવામાં આવે છે. અભ્યાસનો ડેટા ૨.૫ લાખ લોકોના પ્રતિભાવના આધારે બહાર પાડવામાં આવ્યો છે. આ વર્ષે આ સર્વે માર્ચ ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે કરવામાં આવ્યો હતો અને આ વર્ષે ૧૦ હજાર લોકો ઉપર અભ્યાસ કરવામાં આવ્યો હતો. જો કે, ૫૬% પુરૂષો અને ૬૭% સ્ત્રીઓને ઑફિસમાં ઊંઘ આવે છે, તેઓ ઑફિસમાં જ ઊંઘી જાય છે. ગયા વર્ષની સરખામણીમાં આ સમસ્યામાં ૨૧%નો વધારો થયો છે. શું તમે જાણો છો કે આપણે આપણા જીવનનો ત્રીજા ભાગનો સમય ઊંઘમાં વિતાવીએ છીએ. અમેરિકાના સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ અનુસાર, વિશ્વ અપૂરતી ઊંઘની મહામારીમાંથી પસાર થઈ રહ્યું છે. નોંધનીય છે કે, હાર્વર્ડ યુનિવર્સિટીની ઊંઘની માર્ગદર્શિકા અનુસાર, બાળકોએ ૧૦ થી ૧૨ કલાક, પુખ્ત વયના લોકોએ ૮ કલાક અને વૃદ્ધોએ ૬-૭ કલાક સૂવું જોઈએ. ઠંડુ અને સારી રીતે વેન્ટિલેટેડ વાતાવરણ, ઓરડામાં હળવી સુગંધ, કાનને સુખ આપતું સંગીત સારી ઊંઘ માટે મદદ કરી શકે છે. સૂવાના અડધા કલાક પહેલા ફોન અને ટીવી સ્ક્રીનને છોડી દેવી જોઈએ. સૂવાના સમયે ઓછામાં ઓછા બે કલાક પહેલાં રાત્રિભોજન કરો. જે લોકો ઊંઘ ન આવવાની ગંભીર સમસ્યાથી પીડાતા હોય તેઓ યોગ, પંચકર્મ, આહારમાં ફેરફાર અને તબીબી સલાહની મદદથી દવાઓ લઈ શકે છે.

# રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં MBBS ડોક્ટર્સ પાસેથી બોન્ડ પેટે કુલ રૂા.૧ ૩૯ કરોડ વસૂલ કરવામાં આવ્યા

### આગામી વર્ષ સુધીમાં નવી નિમણૂંક કરી રાજ્યમાં તબીબી અધિકારી વર્ગ-૨ની તમામ જગ્યાઓ ભરવામાં આવશે



ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે રાજ્યના ડોક્ટર્સ પાસેથી બોન્ડની રકમ વસૂલવા અંગેના પ્રશ્નનો ઉત્તર આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, રાજ્યની સરકારી કોલેજોમાંથી MBBS પાસ કર્યા હોય તેવા ડોક્ટરોને નિમણૂંક આપ્યા બાદ તેઓ ફરજ ઉપર હાજર ન થાય તો તેમની પાસેથી બોન્ડની રકમ વસૂલવાની કામગીરી વિવિધ સ્તરે યુદ્ધના ધોરણે પ્રગતિમાં છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં આવા ડોક્ટરો પાસેથી કુલ રૂા.૧૩૯ કરોડ જેટલી માતબર રકમની વસૂલાત કરવામાં આવી છે. મંત્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં જે ડોક્ટરો સેવા અથવા બોન્ડ સમયસર ભરી શકતા નથી તેમને રાજ્ય સરકાર દ્વારા પ્રાઈવેટ પ્રેક્ટિસ માટે જરૂરી સર્ટિફિકેટ આપવામાં આવતું નથી. આ ઉપરાંત તેમની યોગ્ય કાયદાકીય પગલાં લેવાની પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિવિધ જિલ્લાઓમાં તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ અંગે પૂછાયેલા પેટા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીએ ઉમેર્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મળી મંજૂર ૨૫૬ જગ્યાઓ સામે ૧૮૯, અમદાવાદ જિલ્લામાં મંજૂર ૨૪૩ જગ્યાઓ સામે ૨૩૩, મહેસાણા જિલ્લામાં મંજૂર ૧૪૨ જગ્યાઓ સામે ૧૩૦ અને ગાંધીનગર જિલ્લામાં મંજૂર ૯૬ જગ્યા સામે ૮૮ જગ્યાઓ ભરવામાં આવેલી છે. આગામી વર્ષ સુધીમાં નવી નિમણૂંક કરી રાજ્યની તમામ તબીબી અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ ભરવામાં આવશે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

## વર્ષ ૨૦૨૨માં રાજ્યની પાંચ સરકારી આયુર્વેદ કોલેજને માન્યતા અપાઈ

ગાંધીનગર, તા.૨૨

વિધાનસભા ગૃહમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં નેશનલ કાઉન્સિલ ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસીન દ્વારા રાજ્યમાં પાંચ સરકારી આયુર્વેદ કોલેજને માન્યતા આપવામાં આવી છે, જે તમામ કોલેજો હાલમાં કાર્યરત છે. માન્યતા પ્રાપ્ત પાંચ કોલેજોમાં ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે ૭૫ બેઠકો ધરાવતી સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ ખાતે ૯૪ સીટ સાથે સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, વડોદરા જિલ્લામાં ૭૫ સીટ સાથે સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર ખાતે ૭૫ સીટ સાથે સરકારી આયુર્વેદ કોલેજ તથા જૂનાગઢ ખાતેની ૭૫ સીટ સાથે સરકારી આયુર્વેદ કોલેજનો સમાવેશ થાય છે. આ પાંચેય કોલેજોને ૩૯૪ સીટ માટે રાજ્યમાં માન્યતા આપવામાં આવી છે, એમ મંત્રીએ જણાવ્યું હતું.

# નિવૃત્ત બેંક કર્મચારીની ૨૦ વર્ષની અગ્નિપરીક્ષાનો અંત : સુપ્રીમ કોર્ટે સમુદાય પ્રમાણપત્ર યોગ્ય હોવા સાથે તેઓને તમામ લાભો આપવા આદેશ આપ્યા

નવી દિલ્હી તા.૨૨

ભારતીય બેંકના સ્કેલ ૩ અધિકારી તરીકે ૩૮ વર્ષના કાર્યકાળ પછી નિવૃત્ત થયેલા આર. સુંદરમ, નિવૃત્તિ લાભો મેળવવા માટે લગભગ ૨૦ વર્ષ સુધી, તેમના સમુદાયના પ્રમાણપત્રની પ્રામાણિકતા સાબિત કરવા માટે લડી રહ્યા હતા. આ અઠવાડિયે, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે તેઓ નિવૃત્તિ પછીના લાભો માટે હકદાર છે અને તેમની ગેરહાજરીમાં તેમની વિરૂદ્ધ નિર્ણય લેવામાં આવ્યો હોવા અંગે નારાજગી વ્યકત કરી હતી. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે સમુદાય પ્રમાણપત્ર, ઈતિહાસની સ્વીકૃતિ હોવા છતાં, એક દસ્તાવેજ પણ છે જે બંધારણીય અધિકારોને વાસ્તવિકતા સાધન બનીને આવા ઐતિહાસિક અન્યાયને સુધારવાનો પ્રયાસ કરે છે. જસ્ટિસ અનિરૂદ્ધ બોઝ અને કૃષ્ણ મુરારીની બેન્ચે કહ્યું કે, કોઈપણ વ્યક્તિ, જેની સંપૂર્ણ ઓળખ અને તેના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના અધિકારોને પડકારવામાં આવે છે, તો ઓછામાં ઓછું તેને ન્યાયી રીતે સાંભળવાની તક આપવી જોઈએ. ખંડપીઠે નોંધ્યું હતું કે તમિલનાડુમાં બેંકમાં અપીલકર્તાના કાર્યકાળ દરમ્યાન જિલ્લા કલેકટરે, કોઈપણ પૂછપરછ કર્યા વિના, તેમને આપવામાં આવેલ કોંડા રેડ્ડી સમુદાયના પ્રમાણપત્રને રદ કરી દીધું હતું. ન્યાયમૂર્તિ મુરારીએ બેંચ વતી ચુકાદો લખ્યો હતો અને જણાવ્યું હતું કે, અનુસૂચિત જનજાતિ સમુદાયોના કેસોમાં સામુદાયિક પ્રમાણપત્ર, માત્ર એક કાગળનો ટુકડો નથી પણ તે સમુદાયની વ્યક્તિની સ્વીકૃતિ છે. ભારતનું બંધારણ ઐતિહાસિક અન્યાયના આધારે અનુસૂચિત જનજાતિ સમુદાયોના લોકોને ચોક્કસ અધિકારોની બાંયધરી આપે છે અને મોટાભાગના કિસ્સાઓમાં સમુદાય પ્રમાણપત્ર આવશ્યક દસ્તાવેજ બની જાય છે. ખંડપીઠે જણાવ્યું હતું કે આ પ્રમાણપત્ર, ઈતિહાસની સ્વીકૃતિ હોવા છતાં, તે એક દસ્તાવેજ પણ છે જે બંધારણીય અધિકારોને વાસ્તવિક સાધન બનીને આવા ઐતિહાસિક અન્યાયને સુધારવાનો પ્રયાસ કરે છે. આવા સંજોગોમાં જ્યાં દસ્તાવેજના મહત્ત્વ અને લોકોના અધિકારો ઉપર તેની અસરને ધ્યાનમાં રાખીને, સમુદાયના પ્રમાણપત્રની માન્યતા ઉપર સવાલ ઉઠાવવામાં આવે છે, ત્યારે દસ્તાવેજ ઉપર પ્રશ્ન ઉઠાવતી કાર્યવાહી, અત્યંત અસાધારણ સંજોગો સિવાય કરી શકાતી નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે હાલના કેસમાં જો કે, અપીલકર્તા સુંદરમને આવા અધિકારનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને તેથી પ્રમાણપત્રની પ્રકૃતિને ખોટી સાબિત કરવા માટે પ્રતિવાદીઓને પુરાવા આપવાનું કહેવામાં આવ્યું નથી. સાબિતીની ગેરહાજરીમાં, આ અદાલતે અપીલકર્તાનું સામુદાયિક પ્રમાણપત્ર સાચું હોવાનું માની લેવું જોઈએ. ન્યાયમૂર્તિ મુરારીએ સુંદરમને બેંકને નિવૃત્તિ પછીના તમામ લાભો આપવાનો નિર્દેશ આપતા તેને ચૂકવણીની તારીખથી વ્યાજ સાથે ચુકવણી કરવા કહ્યું હતું. તમિલનાડુ રાજ્ય સ્તરની સ્ક્રુટિની સમિતિ અને રાજ્ય સરકારના વકીલે દલીલ કરી હતી કે તેમને યોગ્ય રીતે નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તેઓ કાર્યવાહીમાં હાજર થયા ન હતા. એવી દલીલ પણ કરવામાં આવી હતી કે અપીલકર્તા હાજર ન હોવાને



કારણે, કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી, પરંતુ સ્થગિત કર્યા પછી પણ અપીલકર્તા હાજર થયો ન હતો અને તેથી સમિતિ પાસે તેનો નિર્ણય એક પક્ષે પસાર કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. આર. બાલાસુબ્રમણયમ અને એસ. પ્રભાકરન, જેઓ અપીલકર્તા વતી હાજર રહ્યા હતા તેમણે દલીલ કરી હતી કે ૧૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજના આદેશમાં હાઈકોર્ટના નિર્દેશો મુજબ, તેમને સાક્ષીઓની ઉલટતપાસ કરવાની યોગ્ય તક આપવી જોઈએ અને ઉત્તરદાતાઓ દ્વારા આધાર રાખેલ તમામ દસ્તાવેજોની નકલો અપીલકર્તાને આપવી જોઈએ. એવી દલીલ પણ કરવામાં આવી હતી કે જ્યારે અપીલકર્તાને સમાપ્તિનો આદેશ આપવામાં આવ્યો હતો, ત્યારે તેની સામે કોઈ તપાસ બાકી ન હતી અને સમગ્ર પ્રક્રિયામાં તે લગભગ ૧૯ વર્ષથી સતામણીનો ભોગ બની રહ્યો છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, નોકરી અપાયા પછી, અપીલકર્તાના દસ્તાવેજોની અધિકૃતતાનું પુર્નઃમૂલ્યાંકન ૧૯ વર્ષથી પેન્ડિંગ રાખવામાં આવ્યું છે, ૩૮ વર્ષ સુધી બેંકમાં સેવા આપ્યા પછી, અપીલકર્તાને તેમની નિવૃત્તિના બે દિવસ પહેલા, કોઈપણ યોગ્ય પૂછપરછ કર્યા વિના તેમનો સમાપ્તિનો આદેશ મળ્યો હતો. વધુમાં, તમિલનાડુ રાજ્ય સ્તરીય સ્ક્રુટિની સમિતિને કરવામાં આવેલા સંદેશા વ્યવહારમાં એવું જાણવા મળ્યું હતું કે સમાપ્તિનો આદેશ પસાર કરવાની તારીખે તેમની સામે કોઈ કેસ પેન્ડિંગ ન હતો.

### લક્ષ્મીનગર સિંધી યુવક મંડળ દ્વારા

# જૂનાગઢમાં ચેટીચંડની ઉત્સાહભેર ઉજવણી કરાશે

જૂનાગઢ તા. ૨૨

લક્ષ્મીનગર સિંધી યુવક મંડળ દ્વારા ચેટીચંડ એટલે કે શ્રી ઝુલેલાલ જન્મજયંતીની આવતીકાલ ૨૩/૩/૨૦૨૩ના રોજ ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારના ૯ કલાકે પૂ.બહીરાણા સાહેબની આરતી, સાંજે ૫ થી ૮ બહીરાણા સાહેબનું સરઘસ લક્ષ્મીનગરથી ગોકુલનગર થઈને દુરવેશનગર થઈ લક્ષ્મીનગર આવશે, રાતે ૮ થી ૧૦ વાગ્યા સુધી ભગુભાઈ જેતપુરવાળા મ્યૂઝિકલ ટીમ સાથે પ્રોગ્રામ આપશે. સાથે સાથે ગ્રુપ ડાન્સનું પણ ખૂબ જ સુંદર આયોજન કરેલ છે. તે બદલ લક્ષ્મીનગર સિંધી યુવક મંડળ લક્ષ્મીનગર, ગોકુલનગર, દુરવેશનગર સોસાયટીનો સહયોગ બદલ ખૂબ જ આભાર માનેલ છે. આ તકે સમસ્ત સિંધી સમાજને હાજરી આપવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# માંગરોળ સમગ્ર મુસ્લિમ ઘાંચી સમાજના પ્રમુખ પદે મુહમ્મદહુસૈન ઝાલાની તાજપોસી

**પ્રમુખ પદ માટે મુહમ્મદહુસૈન ઝાલાને ૨૮ મત જ્યારે હરીફ ઉમેદવાર હાજી મુહમ્મદ હાજીબાને ૧૦ મત મળ્યા હતા : હંમેશા લોકોની સેવામાં તત્પર રહેતા મુહમ્મદહુસૈન ઝાલા ઘાંચી સમાજના પટેલ પદે બિરાજમાન થતા લોકોમાં અનેરો ઉત્સાહ**





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૨૨

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના સમગ્ર મુસ્લિમ ઘાંચી સમાજના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે મુહમ્મદહુસૈન ઝાલા, ઉપ પ્રમુખ પદે હાજી હનીફ પટેલ, સેક્રેટરી તરીકે ઈબ્રાહીમ બખાઈ, અને જોઈન્ટ સેક્રેટરી તરીકે ઈબ્રાહીમ ભાભાની નિમણૂક કરવામાં આવી હતી. માંગરોળ મુસ્લિમ સમાજમાં સોથી મોટો, ઘાંચી સમાજ ગણાય છે. જેમના હોદેદારોનુ આ વિસ્તારમાં ઘણું મહત્વ રહેલું છે. દર ત્રણ વર્ષે ઘાંચી સમાજના આગેવાનોની સિલેકટર પધ્ધતિથી વરણી કરવામાં આવે છે. જેમા ફળીયા દીઠ પાંચ આગેવાનો એમ સમગ્ર માંગરોળમાંથી ૩૯ ઘાંચી મુસ્લિમ આગેવાની વરણી કરવામાં આવી હતી. મંગળવારે રાત્રે ગુલઝાર ચોક ખાતે ઘાંચી સમાજના કાર્યાલયે તમામ આગેવાનોની બેઠક મળી હતી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી અને જોઈન્ટ સેક્રેટરીની નિમણૂક કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘાંચી સમાજનું સૌથી મોભાનું પદ ગણતાં પ્રમુખ પદ માટે હારૂનભાઈ પડાયાએ મુહમ્મદહુસૈન ઝાલાની દરખાસ્ત મુકી હતી જયારે નુરૂએહમદ ઉદયાએ હાજી મુહમ્મદ હાજીબાની દરખાસ્ત મુકી હતી. આ બંને દાવેદારો વચ્ચે આખરે ચૂટણી યોજાઈ હતી. જેમાં મુહમ્મદહુસૈન ઝાલાને ૩૯માંથી ૨૮ મત મળ્યા હતા જ્યારે હાજી મુહમ્મદ હાજીબાને ૧૦ મત મળ્યા હતા. ઉપપ્રમુખ તરીકે હાજી હનીફ પટેલની દરખાસ્ત હાજી ઈબ્રાહીમ કાપાએ મુકી હતી જ્યારે આસિફ કરૂડે નુરૂએહમદ ઉદયાની દરખાસ્ત મુકી હતી પરંતુ નુરૂએહમદ ઉદયાએ સ્વૈચ્છીક પોતાની દાવેદારી પાછી ખેંચી લેતા હાજી હનીફ પટેલ ઉપપ્રમુખ તરીકે બીન હરીફ જાહેર થયા હતા. જ્યારે જનરલ સેક્રેટરી તરીકે ઈબ્રાહીમ બખાઈ અને જોઈન્ટ સેક્રેટરી તરીકે ઈબ્રાહીમ ભાભા સર્વાનુમતે બીન હરીફ જાહેર થયા હતા. આ બોડીમાં કારોબારી સમિતિની પણ નિમણૂક કરવામાં આવેલ જેમાં હારૂન પડાયા, મો. મુહમ્મદહુસૈન કરૂડ, હનીફ બતક, આદમ કાપા, ઈબ્રાહીમ કાપા, ફારૂક હકીમ, અનવર કરૂડ, હારૂન ભાભા, નૂર મુહમ્મદ પઠાણ, ઈબ્રાહીમ વરામની વરણી કરવામાં આવેલ હતી. દરેક આપ્તિ અને અવસરમાં હંમેશા સાથે રહેતા અને લોકસેવામા હંમેશા તત્પર રહેતા મુહમ્મદહુસૈન ઝાલાની ઘાંચી સમાજના પ્રમુખ તરીકે નિમણૂંક થતા લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. માંગરોળ હિન્દુ મુસ્લિમ બંને લોકોએ તેઓને સોશ્યલ મીડિયામાં શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

# યુકેના ગણાત્રા ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું ભગીરથ કાર્ય, રામકથાની સાથે નવ હજાર ગરીબ પરિવારોને અન્નદાન



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

મધ્ય પ્રદેશના વિદિશા જિલ્લાના લટેરી તાલુકાના આનંદપુર ખાતે રણછોડદાસજી મહારાજનો આશ્રમ છે. આ વિસ્તારના ગરીબો આદિવાસીઓ અને વનવાસીઓ વિગેરે લોકો માટે શિક્ષણ, સ્વાસ્થ્ય સહિત અનેકવિધ સેવાઓ આશ્રમ દ્વારા થાય છે. અદ્યતન હોસ્પિટલ, પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા, સંસ્કૃત શાળા, ગૌશાળા અને ખેતી સુધારણા સહિતની વિવિધ સેવાઓ સતત ચાલુ છે. દરવર્ષે ૫૦ હાજર જેટલા આંખના ઓપરેશન પણ થાય છે. રાજકોટના વતની ડો. વિષ્ણુભાઈ જોબનપુત્રા, તેમના ધર્મપત્ની ભારતીબેન અને બહેન ઈલાબેને પોતાનું સમગ્ર જીવન સેવા કર્યો માટે સમર્પિત કરી દીધું છે. તેઓ આશ્રમનું બેનમૂન સંચાલન કરી રહ્યા છે. અહીંના વિશાળ સેવાસંકુલના નિર્માણમાં જાણીતા ઉદ્યોગપતિ અરવિંદ મફતલાલ ગ્રુપનું પ્રભાવી યોગદાન છે. સેવાના આ ધામમાં ગણાત્રા ફાઉન્ડેશન (યુ.કે.)ના ટ્રસ્ટીઓ હિતેનભાઈ ગણાત્રા, અમરીશભાઈ ગણાત્રા, અભિષેકભાઈ ગણાત્રા અને કપિલ જોબનપુત્રાએ પૂ. મોરારીબાપુની ૯૧૩ મી રામ કથાનું આયોજન તારીખ ૧૧ થી ૧૯ માર્ચ સુધી કર્યું હતું. કથાની સાથે સાથે ૯૧૩ વૃક્ષારોપણ અને નવ હજાર ગરીબોને ખાધા-ખોરાકની કીટ સહિત ઘણા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં બાળકોને કપડાં અને મહિલાઓને સાડીઓનું વિતરણ પણ કરાયું હતું. વિતરણનું આ કાર્ય કથા શરૂ થઈ તે પહેલાથી શરૂ કરી દેવાયુ હતું અને એક મહિના સુધી ચાલ્યું હતું.

લટેરી વિસ્તારના અટપટા ભૌગોલિક સ્થાનોના પરિચિત અને છેલ્લા અનેક દાયકાઓથી ગરીબોની સેવામાં રત રહેલા ઈલાબેન જોબનપુત્રાના માર્ગદર્શન મુજબ કાર્યકરો વિતરણ માટે સંસ્થાની બસમાં જઈને સેવા આપતા હતા. આ સેવા પ્રવૃત્તિમાં સો જેટલા ગામડાઓ અને કસ્બાઓને આવરી લેવામાં આવ્યા હતા. લંડનથી અત્રે ખાસ આવેલા ગણાત્રા ફાઉન્ડેસન ટ્રસ્ટના મોભી દિનેશભાઈ ગણાત્રા અને ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા જલારામ અન્નપૂર્ણા ગૃહના અગ્રણી વિનોદભાઈ પંચમતિયા પણ વિતરણ કાર્યક્રમમાં જોડાયા હતા અને સદગુરૂ સેવા સંઘ ટ્રસ્ટના ગુરૂભાઈઓની આ અથાક સેવાથી પ્રભાવિત થયા હતા.

# ઉનામાં થેલેસેમિયા જાગૃતિ અભિયાન માટે સેમિનાર યોજાયો

## બાળકોની સંભાળ, તપાસ અંગે વાલીઓને માહિતી આપી





(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૨૨

ઊનામાં મહેતા સાર્વજનિક મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પીટલ અને થેલેસિમિક ગુજરાત નામની સંસ્થાના સહયોગથી થેલેસિમિક બાળકો અને વાલીઓને સમજણ અને જાગૃતિ લાવવા ઊનાના મિલન ભાઈ શાહ, અનિલ ભાઈ દાંડવાણી, શ્રેયભાઈ શાહ અને યુવાનોના સહકારથી સેમીનાર યોજાયો હતો. જેમાં અમદાવાદથી સંસ્થાના આગેવાન કિંજલબેન શાહએ ખાસ હાજરી આપી હતી અને સ્થાનિક ડોકટરો મયુરભાઈ ડોડીયા, ઊના તાલુકા બ્લોક હેલ્થ ઓફીસર ડો.વિપુલ ડુંમતારએ હાજરી આપી હતી અને બાળકોને તપાસી અને વાલીઓને જાગૃતિ માટે માહિતી આપી હતી. કિંજલબેન શાહએ જણાવેલ કે થેલેસિમિક બાળકોને સમયસર લોહી મળી રહે અને તેમની જરૂરી દવાઓ સરકાર પુરતા પ્રમાણમાં મળે તેની જાણકારી આપી હતી. તેમજ તમામ સમાજના આગેવાનો જાગૃત થાય અને તેમનાં બાળકોને પ્રથમ થેલેસેમિયા ટેસ્ટ કરાવે અને પછી લગ્ન કરવા ફરજિયાત કરવા અપીલ કરી હતી. આ સેમીનાર યોજવા બદલ મહેતા સાર્વજનિક હોસ્પીટલના ટ્રસ્ટી ધીમંતભાઈ શાહ, જીતુભાઈ મહેતા, દિલીપભાઈ ઠાકરએ તમામનો આભાર વ્યક્ત કરેલ હતો.

### પૂજ્ય ગુરૂમાના આશીર્વાદ અને પ્રેરણાથી

# 'કૃપાપર્વ' અંતર્ગત જૂનાગઢનાં ભેંસાણમાં જનસ્વાસ્થ્ય મહાયજ્ઞ યોજાયો

## ૯૭ ને કેન્સર નિદાન સહિત ૬૫૫ દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાઈ







જૂનાગઢ, તા.૨૨

ગાંધીનગરમાં પૂજ્ય ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના સત્સંગના રજતજયંતી વર્ષ - 'કૃપાપર્વ'ની ઉજવણી અંતર્ગત સમદર્શન પરિવાર દ્વારા જૂનાગઢ જિલ્લાના ભેંસાણ ખાતે જનસ્વાસ્થ્ય મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞ અંતર્ગત વિનામૂલ્યે કેન્સર નિદાન, આંખ તપાસ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ભેંસાણ ખાતે આયોજિત આ કેમ્પની વિગતો આપતાં મુખ્ય આયોજક અને સમદર્શન પરિવારના કિશોરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે, પૂજ્ય ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના આશીર્વાદ અને પ્રેરણાથી યોજાયેલા આ કેમ્પ દરમ્યાન ૫૯ બહેનો અને ૩૮ ભાઈઓએ કેન્સર નિદાન માટે ચેકઅપ કરાવ્યું હતું, જે પૈકી ૧૧ ભાઈઓ અને બે બહેનોને ઑરલ કેન્સરના ચિન્હો જણાતાં તેમને વિનામૂલ્યે આગળની તપાસ માટે રીફર કરવામાં આવ્યા છે. ૨૩૧ લોકોએ જનરલ ચેકઅપ કરાવ્યું હતું.

૩૨૭ લોકોએ આંખોની તપાસ કરાવી હતી, જે પૈકીના ૪૪ દર્દીઓના વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન કરાઈ રહ્યા છે અને વધુ સારવાર આપવામાં આવી રહી છે. ૨૫૦ લોકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. ૫ મેમોગ્રાફી અને ૩૯ પેપટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આમ આ મહાયજ્ઞ દરમિયાન કુલ ૬૫૫ જેટલા દર્દીઓનું વિનામૂલ્યે ચેકઅપ કરીને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. સમદર્શન આશ્રમ, ગાંધીનગરના પૂજ્ય ગુરૂમાના સાધકો અને ભાવકો દ્વારા પૂજ્ય ગુરુમા પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને વધુને વધુ લોકો સુધી પૂજ્ય ગુરૂમાના આશીર્વાદ પહોંચે એવી ભાવનાથી વર્ષ દરમિયાન વિવિધ વિસ્તારોમાં આધ્યાત્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાઈ રહી છે. ડાહ્યાભાઈ કોટેચા ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટના સહયોગથી આયોજિત આ વિનામૂલ્યે નિદાન કેમ્પમાં અમદાવાદ કેન્સર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો, રણછોડદાસ બાપુ આશ્રમના આંખના ડોકટરો, ડો. જીગ્નેશ રામાણી, ડો. નિકુંજ ઠુમ્મર, ડો. ચીકાણી, ડો. ગૌતમ ઠુમ્મર, ડો. ચોવટીયા સહિત જૂનાગઢના અગ્રણી સેવાભાવી તબીબોએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી. કિશોરભાઈ કોટેચા સાથે સમદર્શન પરિવાર, ગાંધીનગરના રાજેશભાઈ દેસાઈ, મુકેશભાઈ જાની, સંજયભાઈ મોતીવાલા, નવનીતભાઈ ભટ્ટ, પરિતોષભાઈ શુક્લ વગેરેએ પોતાની સેવાઓ આપી હતી.

# તાલાલામાં લોહાણા મહાજન વાડી ખાતે યોજાયો આયુષ મેળો

## ૫૨૦૦થી વધુ લાભાર્થીઓએ લીધો આયુષ મેળાનો લાભ





વેરાવળ, તા.૨૨

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામક, આયુષની કચેરી, ગાંધીનગર ગીર સોમનાથ આયુર્વેદ શાખા દ્વારા આરોગ્ય સમિતિના ચેરમેન નાથાભાઈ વાજાની અધ્યક્ષતામાં લોહાણા મહાજન વાડી તાલાલા ખાતે આયુષ મેળાનું આયોજન કરાયું હતું જેમાં ૫૨૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ તકે જિલ્લા આયુર્વેદ અધિકારી વૈધ વિજયસિંહ ગોહિલ દ્વારા મહેમાનોનું શાબ્દીક સ્વાગત સાથે આયુષમેળા અંગેનું પ્રાયોજન અને કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી તેમજ સ્વાસ્થ્ય જાળવવા આયુર્વેદનું મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ નાથાભાઈ વાજાએ આર્યુવેદનુ મહત્વ સમજાવી અને યોગ અને આર્યુવેદ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહાનુભાવોઓએ ૧૫ સ્ટોલોની મુલાકાત દરમ્યાન માર્ગદર્શન અને આર્યુવેદની સમજ આપવામાં આવી હતી અને ધનવંતરી વંદના આયુષ અધીકારી બહેનો દ્વારા કરવામાં આવી હતી તેમજ કાર્યક્રમનુ સંચાલન ડો. મિત્સુબેન ઠકરારે કર્યુ હતુ અને આભારવિધી પિયુષભાઈ પંપાણીયાએ કરી હતી.

આ મેળામાં આર્યુવેદ નિદાન-૪૮૦થી વધુ લાભાર્થીઓ, હોમીયોપેથી ચિકિત્સા-૨૫૦થી વધુ, સુવર્ણપ્રાશન કેમ્પ -૧૯૩થી વધુ, ઉકાળા કેમ્પ-૭૫૦થી વધુ, હોમીયોપેથી દવા-૩૭૦થી વધુ, પ્રકૃતિ પરીક્ષણ-૧૩૪ થી વધુ તેમજ જરા ચિકિત્સા -૮૨થી વધુ,અને પંચકર્મ વન્સપતિ, ઓષધી પ્રદર્શન, સ્વસ્થવૃત પ્રદર્શન, હર્બલવાનગી પ્રદર્શનના મળી કુલ ૫૨૦૦ થી વધુ લાભાર્થીઓ આયુષમેળાનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી કૌશિકભાઈ પરમાર, તાલાલા તાલુકા આરોગ્ય અધિકારી રિધ્ધીબેન કોટડીયા, પનુભાઈ કોટડીયા, મનસુખભાઈ સોંદરવા, હરસુખભાઈ પટોડીયા સહિત બહોળી સંખ્યામાં શહેરીજનોએ લાભા લીધો હતો. ઉપરાંત તમામ મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ આયુષની જુદી-જુદી અનેકવિધ સેવાઓ અને આયુષમેળાની કામગીરીને બીરદાવી હતી.

# ઊના ખાતે શાસ્ત્રી સ્વામી ધર્મપ્રસાદદાસજી કોલેજમાં દિક્ષાન્ત સમારોહ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૨૨

આર્ટસ , કોમર્સ, એમ .કોમ અને બી. એડ. કોલેજમાં T. y. B Com , T. Y. B. A . અને B. ed. કોલેજના વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત સમારોહ સંસ્થાના અધ્યેક્ષા શાસ્ત્રી માધવદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન પી.આઈ. એન.કે. ગોસ્વામીએ વિદ્યાર્થીઓની શિસ્ત અને સંસ્કારને જોઈ ખુશી વ્યકત કરી હતી અને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

વિદાય લેતા વિદ્યાર્થીઓ એ ખૂબ સુન્દર પ્રતિભાવો આપી સંસ્થા માટેનો આદર અને શિક્ષણ કાર્યને પોતાના જીવનના ઘડતરનો ભાગ ગણાવ્યો હતો. કોલેજ વિભાગના નિયામક નરેન્દ્રભાઈ ગોસ્વામી અને આચાર્ય ડેનિસભાઇ સિદપરાના માર્ગદર્શન હેઠળ સંસ્થાના વહીવટી અધીક્ષક કિશોરભાઈ વડાલિયાએ સમગ્ર સંચાલન સૌ પ્રોફેસરોના સહયોગથી કર્યુ હતું. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થી આશિબહેન કલસરિયા અને હેતલબહેન સોલંકીએ એન્કરીંગ કર્યું હતું તેમ એક યાદીમાં જણાવેલ છે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામની તરૂણીએ પાવર વેઈટ લીફ્ટિંગમાં અવ્વલ નંબર મેળવી ગામનું નામ રોશન કર્યું

(પ્રતિનિધી દ્વારા)

ડોળાસા તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામના કારડીયા રાજપૂત સમાજની દીકરી ધારાબેન પ્રવીણભાઈ રાઠોડએ હિમાચલ પ્રદેશમાં યોજાયેલ ઓલ ઈન્ડિયા પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં તેની કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવી ડોળાસા ગામ, કારડીયા રાજપૂત સમાજ અને જે.એસ.પરમાર કોલેજ કોડીનારનું ગૌરવ વધાર્યું છે.

આમ તો એથ્લેટીક્સ રમતોમાં અને તેમાંય બહેનોની રૂચિ ભારતભરમાં હરિયાણા રાજ્યમાં જોવા મળે છે. પણ ગુજરાત સરકાર આ રમતો પ્રત્યે બાળકોને પ્રોત્સાહિત કરે અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવે તો રાજ્યની અનેક દિકરીઓ આ રમતોમાં વિશ્વનું ધ્યાન કેન્દ્રિત કરી શકવા સક્ષમ છે. ડોળાસા ગામના પ્રવીણભાઈ દેવાભાઈ રાઠોડનાં પરિવારમાં પતિ પત્ની અને પાંચ સંતાનો છે. જેમાં ચાર હોનહાર દિકરીઓ છે. મોટી દિકરી ધારાબેન કોડીનાર ખાતેની જે.એસ. પરમાર કોલેજમાં સ્પોર્ટ્સ વિભાગની TY BPES માં અભ્યાસ કરે છે. જ્યાં તેઓ હાલ પાવર વેઈટ લીફટિંગની તાલીમ લઈ રહી છે.

તાજેતરમાં તા.૯ થી ૧૫ માર્ચ સુધી હિમાચલ પ્રદેશના ધર્મશાળા ખાતે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી વચ્ચે પાવર વેઈટ લિફ્ટિંગ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ધારાબેન ૧૨૦ કિલો ગ્રામ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવી ગુજરાત રાજ્ય, ગીર સોમનાથ જિલ્લો, કોડીનાર તાલુકો અને ડોળાસા ગામનું નામ રોશન કર્યું છે. પ્રવીણભાઈની બીજી દિકરીઓ પણ એથ્લેટિકસ રમતોમાં રૂચિ ધરાવે છે. રાજ્ય સ્તરે અનેક દિકરીઓ રમત ગમત સ્પર્ધાઓમાં ભાગ લઈ મેડલ જીતી રાજ્ય અને દેશનું નામ રોશન કરવા સક્ષમ છે. જરૂર છે માત્ર સરકાર તરફની સુવિધાઓ અને પ્રોત્સાહનની. ગુજરાત સરકાર આ બાબતે ખાસ મુહિમ ચાલવી દિકરીઓની તમન્ના પૂરી કરશે, તેવી આશા લોકો સેવી રહયા છે.

# ‘વિશ્વ જળ દિવસ’’ જેની આ વર્ષની થીમ ‘પરિવર્તનને વેગ’ ઘર ત્યાં નળ અને જળ પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંકલ્પ લઈને દેશમાં જળક્રાંતિ શરૂ કરી

૨૨ માર્ચ એટલે ‘‘વિશ્વ જળ દિવસ’’, જેની આ વર્ષની થીમ ‘પરિવર્તનને વેગ’ દ્વારા સ્વચ્છ પાણી ઘરે-ઘરે પહોંચાડવાના પ્રયાસમાં રાજકોટ જિલ્લો સફળ થઈ રહ્યો છે. પૃથ્વી ઉપરના દરેક સજીવ માટે પાણી શ્વાસ ખૂબ મહત્વ ધરાવે છે ત્યારે આ ‘‘વિશ્વ જળ દિવસ’’ બામણબોર અને તેની આસપાસના ગુંદાળા, નવાગામ, ગારીડા અને જીવાપર ગામો માટે લાપશીના આંધણ લાવ્યું છે. રાજકોટ જિલ્લાનો બામણબોર તેમજ આસપાસનો વિસ્તાર ભૌગોલિક રીતે ઊંધી ભૂ-ગોલિક(ઊંધી રકાબી) જેવો છે. જેના કારણે અહીંના લોકો વર્ષોથી પાણી માટે હાલાકી વેઠતા હતા. જો કે હવે અહીંના નાગરિકોને પાણી બાબતે હાશ છે. ઘર ત્યાં નળ અને જળ પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંકલ્પ લઈને દેશમાં જળક્રાંતિ શરૂ કરી છે, અને ગુજરાતની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે તેનો અસરકારક અમલ કર્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલિત પ્રયાસો અને જિલ્લા વહીવટી તંત્રની પ્રતિબદ્ધતાના લીધે આજે અહીં નળમાં જળ વહેતા થયા છે, જેના કારણે અહીંના બેડાઓમાં પાણી જ નહીં, પણ બહેનોના ચહેરા ઉપર ખુશી છલકાઈ રહી છે અને હૈયે ટાઢક વળી છે. બામણબોર ૧-૨, ગુંદાળા, નવાગામ, ગારીડા અને જીવાપર ગામો ૬૫૦૦થી વધુની વસ્તી ધરાવે છે. આઝાદી બાદ હાલ સુધી સતત ટેન્કરોથી પાણી મેળવતા આ ગામોને હવે ઘરે ઘરે જળ મળી રહ્યું છે. બામણબોર અને તેની આસપાસના આ ચાર ગામો અગાઉ ચોટીલા તાલુકામાં સમાવિષ્ટ હતા. સરકારની યોજના દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હોવા છતાં ભૌગોલિક પરિસ્થિતિના કારણે ગામોને પાણી મળતું ન હતું. પોતાના સ્થાનિક સ્ત્રોતોથી ચોમાસા અને શિયાળાના થોડા સમય પાણી મેળવ્યા બાદ બાકીના સમયગાળામાં આ ગામોના નારગિકો વર્ષોથી ટેન્કરો દ્વારા પાણી મેળવતા હતા. પરંતુ હવે આ પાંચ ગામોનો રાજકોટ જિલ્લામાં સમાવેશ કરી રાજકોટના પાણી પુરવઠા વિભાગ દ્વારા તેમને જૂથ યોજનાથી જોડી અને વાસ્મોની નલ સે જલ યોજના દ્વારા ઘરે-ઘરે પાણી પહોંચાડી આ સમસ્યાનો અંત લાવવામાં આવ્યો છે. જનજીવનને સૌથી આવશ્યક વસ્તુ પાણીના વિકટ પ્રશ્નને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિવારવામાં આવ્યું છે. દરેક ગામમાં મોટો સંપ, તેને અનુલક્ષીને નવી લાઈન નાખી પાણી પુરવઠા વિભાગ દ્વારા આ પાંચ ગામોને મચ્છુ ડેમ આધારિત જૂથ યોજનામાં જોડવામાં આવ્યા છે. દરેક ગામમાં બે વખત સંપ ભરી પાણી વિતરીત કરવામાં આવી રહ્યું છે.

બામણબોર ગામના પાયલબેન બાવળિયા ઘરે પાણી પહોંચતા હાશકારો વ્યક્ત કરતા જણાવે છે કે, અત્યાર સુધી ગામમાં ટેક્રર આવતા અને ટેન્કરથી ડોલું અને બેડા સારીને ઘરે પાણી ભરવું પડતું. સગર્ભાવસ્થામાં પણ ડોલ સારીને પાણી ઘરે લાવતા પણ હવે આંગણે પાણી પહોંચતા મારા જેવી ગામની બીજી ગર્ભવતી બહેનોને પણ હાશકારો થયો છે. સરકારે અમારી દરકાર લઈ અમારા આંગણે પાણીની રેલમછેલ કરી આપી એ માટે આભારી છીએ. બામણબોરના પરા વિસ્તારમાં રહેતા માનસીબેન જાપડીયા પણ પોતાના ઘરે પાણી પહોંચતા ખુશી વ્યકત કરતાં કહે છે કે, નળ થી જળ યોજના આવવાના કારણે અમારા પરિવારના દરેકને લાભ થયો છે. પહેલા અમારા આખા દિવસનો સમય પાણી ભરવા અને તેની માટે રાહ જોવામાં નીકળી જતો હતો. પાણીના ટેક્રરો આવતા ત્યારે અમારે લાંબી લાઈનમાં તેની માટે ઉભા રહેવું પડતું અને ઘણીવાર ટેન્કરમાં પાણી ખાલી થતા ખાલી બેડા લઈ પાછું આવવું પડતું. પણ હવે પાણી ઘરે જ પહોંચી ગયું છે. આ કારણેઅમે દિવસ દરમ્યાનના રોજિંદા કામ માટે પૂરતો સમય ફાળવી શકીએ છીએ જેમાં વાસીદું,ખેતી જેવા કામો સમયસર પૂર્ણ કરી અમારા બાળકોના ઉછેર તેમજ અભ્યાસ માટે સમય કાઢી શકીએ છીએ.







રાજકોટ જિલ્લાના બામણબોર અને આસપાસના વિસ્તારમાં વર્ષોથી ટેન્કરના પાણીથી ઓ-‘બા’ઓ વેઠી ચૂકેલી બહેનોના ઘરે હવે નળમાં મણ-મણના જળબોર વહેતા આવતા ‘બા-આંગણે જળક્રાંતિ છલકાઈ

સાફલ્યગાથા - દિવ્યા ત્રિવેદી/દેવ મહેતા

## જૂનાગઢ જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબ ખાતે ક્રિકેટ ટીમનું સિલેકશન કરાયું



જૂનાગઢ તા. ૨૨

સ્વ.બળવંતરાય મહેતા ઓલ ગુજરાત ઈન્ટર ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે જૂનાગઢ જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબ ખાતે જીલ્લા પંચાયત ક્રિકેટ ટીમનું સિલેકશન જૂનાગઢ જીલ્લા એસોસીએશનના માજી ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશી તથા હાલ જૂનાગઢ જીલ્લા ક્રિકેટ એસો.ના કોચ ગૌતમભાઈ બાબરીયા, જીલ્લાપંચાયત ક્રિકેટ ટીમના માજી કેપ્ટન નાથુભાઈ ઠાકર દ્વારા વાસુભાઈ તથા આંકડા અધિકારી ડુમરીયાની હાજરીમાં ક્રિકેટ ટીમનું સિલેકશન કરવામાં આવેલ હતું. જેમાં ભાગ લેવા ૪૫ ખેલાડીઓ હાજર રહેલ હતા. જેમાંથી ૧૭ ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ છે. કેપ્ટન તરીકે અલ્તાફભાઈ સીડાની પસંદગી કરવામાં આવેલ છે. આ તકે જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબના પ્રમુખ અતુલભાઈ વ્યાસ દ્વારા ટીમ ગુજરાત ચેમ્પીયન બને તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ગિરનાર ઉપર મૃત્યું પામનાર પ્રૌઢની અંતિમવિધી કરતા બ્લડ બેંકનાં સભ્યો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢનાં ગિરનાર ઉપર લગભગ સાડા ચાર હજાર પગથીયા ઉપરથી ગબડી પડવાથી તા. ૯ માર્ચનાં રોજ મૃત્યુ પામનાર પ્રૌઢનાં જૂનાગઢનાં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ, સમીર દિવાન, કમલેશ પુરોહીત, સુનિલ માખેચા સહિતનાં સ્વયંસેવકોએ હિન્દુ વૈદિકવિધીથી મૃતાત્માનાં જૂનાગઢ સ્મશાન ખાતે વિદ્યુતભઠ્ઠીમાં અગ્નિ સંસ્કાર કરી સેવાકીય કાર્ય બજાવ્યું હતું.

## શહીદ દિન નિમિત્તે ખંભાળિયા સહિત જિલ્લામાં પાંચ સ્થળોએ વિનામૂલ્યે મેડિકલ કેમ્પ


### આવતીકાલે ગુરૂવારે સવારે ૯ થી ૨ વાગ્યા સુધી વિવિધ રોગોના નિદાન કેમ્પનું આયોજન


(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

માં ભોમની રક્ષા કાજે શહીદ થયેલા વીરોના દિન એવા શહીદ દિન નિમિત્તે આગામી ગુરૂવાર તારીખ ૨૩મી માર્ચના રોજ ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા ૫ ગામોમાં વિના મૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના કાર્યકરો સાથે સંચાલન સમિતિ દ્વારા આયોજિત આ મેગા મેડિકલ કેમ્પમાં ગુરૂવારે સવારે ૯ વાગ્યાથી ૨ વાગ્યા સુધી વિવિધ પ્રકારના દર્દીઓના રોગોના નિદાન કેમ્પ યોજવામાં આવ્યો છે. જેમાં ખંભાળિયામાં માનસરોવર કોમ્પ્લેક્સ પાસે આવેલી ડો. પી.વી. કંડોરિયાની જાણીતી દેવભૂમિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, સલાયામાં ક્રિષ્ના હોસ્પિટલ, ભાણવડમાં મહાજન પાંજરાપોળ ગૌશાળા ખાતે, મોટા કાલાવડ ગામે આહીર સમાજની વાડી ખાતે તેમજ ભાણખોખરી ગામે પણ આહિર સમાજની વાડી ખાતે આ સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાંઆવ્યા છે. શહીદ દિન સાથે ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાનો જન્મદિવસ પણ હોય, જિલ્લામાં પાંચ સ્થળોએ મેડિકલ કેમ્પ સહિતના સેવા કાર્યો હાથ ધરાનાર છે. જેનો લાભ લેવા લોકોને સંચાલન સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# આજથી ચૈત્રી નવરાત્રીનો ભકિતભાવ પૂર્વક પ્રારંભ

## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં માતાજીનાં મંદિરોમાં પૂજન, અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમો : દર્શનાર્થીઓની ભીડ







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૨

આજથી ચૈત્રી નવરાત્રીનો ભકિતભાવ પૂર્વક પ્રારંભ કરવામાં આવેલ છે. આ સાથે જ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં શકિતની આરાધના કરતા ઉપાસકો દ્વારા પૂજન, અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. આજે વહેલી સવારથી જ માતાજીનાં દર્શને ભાવિકો મંદિરોમાં ઉમટી પડયા હતાં. આપણે ત્યાં વર્ષમાં ચાર નવરાત્રીનું ખુબ જ મહત્વ છે. મહા માસ, ચૈત્ર માસ, અષાઢ માસ અને આસો માસની નવરાત્રીનું ખુબ જ મહત્વ હોય જેને લઈને માતાજીનાં ભકતોમાં અનેરો ઉત્સાહ છલકાતો હોય છે. જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં નવરાત્રી દરમ્યાન વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જૂનાગઢ શહેરમાં કૃષિ યુનિ. ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરે ચૈત્રી નવરાત્રીનાં પાવન પ્રસંગે સવારથી જ પૂજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. અને ભાવિકો દર્શનનો લાભ લીધો હતો. જયારે ગરવા ગિરનાર ખાતે બિરાજતા જગત જનની માં અંબાજી માતાજીનાં મંદિરે પણ સવારથી જ આજે પૂજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. અને ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા છે. આ ઉપરાંત ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનાં મંદિર, ગાયત્રી માતાજી મંદિર, ચામુંડા માતાજી મંદિર, રાંદલ માતાજીનાં મંદિર, મહાકાળી માતાજી મંદિર, મેલડી માતાજીનાં મંદિર, ઉપરકોટ ખાતે આવેલા રા'નવઘણનાં કુળદેવી આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર તેમજ ખામધ્રોળ વિસ્તારમાં આવેલ આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર ઉપરાંત દાણાપીઠ વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મીજી માતાજીનાં મંદિર સહિતનાં શહેર અને જીલ્લામાં આવેલા આઈશ્રી ખોડીયાર માતાજી તેમજ રાંદલ માતાજીનાં મંદિરોમાં ચૈત્રી નવરાત્રીની ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. અને આ નવરાત્રી દરમ્યાન પૂજન, અર્ચન, આરતી, હવન, યજ્ઞ સહિતનાં અનેકવિધ કાર્યક્રમોયોજવામાં આવશે. આ ઉપરાંત વડાલ ખાતે આવેલા આશાપુરા ધામ ખાતે પણ ચૈત્રી નવરાત્રીની ભાવભેર ઉજવણી કરવામાં આવશે. જયારે વિવિધ ધાર્મિક જગ્યાઓમાં પણ ચૈત્રી નવરાત્રી નિમિત્તે અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

# માંગરોળમાં રામનવમીની શોભાયાત્રાની પૂર્વ તૈયારીઓને લઈ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ દ્વારા વિવિધ સંગઠનો વેપારીઓ સાથે બેઠક યોજી



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૨

જૂનાગઢના માંગરોળમા હરીકીર્તનાલય શ્રીરામ ધુન મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આગામી રામનવમીની ભવ્ય શોભાયાત્રાની તૈયારીઓને લઈ વિવિધ ધાર્મીક સામાજીક રાજકીય સંગઠનના આગેવાનો વેપારી અગ્રણીઓ સાથે બેઠકનું આયોજન કરાયું હતું. માંગરોળમાં આગામી ૩૦ માર્ચને રામનવમીના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ અને શ્રીરામ ધુન મંડળના નેજા હેઠળ સમસ્ત હિન્દુ સમાજની સાથે વિશાળ શોભાયાત્રા નિકળશે. ત્યારે આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાય તે માટે સુઘળ વ્યવસ્થા જાળવવા તેની પૂર્વ તૈયારી ના ભાગ રૂપે એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક વિશ્વ હિન્દુ પરિષદ ગિરસોમનાથ જીલ્લા મંત્રી વિનુભાઈ મેસવાણીયા દ્વારા ઓમકાર મંત્ર તેમજ વિહિપ પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી દ્વારા વિજયમંત્ર બોલાવી બેઠક પ્રારંભ કરાઈ હતી. આ બેઠકમાં હરીશભાઈ રૂપારેલીયા, વિહિપ ઉપપ્રમુખ પરેશભાઈ જોષી, મંત્રી પ્રફુલભાઈ નાંદોલા દ્વારા ઉપસ્થિત આગેવાનો સાથે શોભાયાત્રાની તૈયારીઓ માટે જુદા જુદા કામો અને આયોજનની ચર્ચા વિચારણા કરી આ શોભાયાત્રા ભવ્યાતિભવ્ય નિકળે તે માટે અલગ અલગ સુચનો પણ કર્યા હતા. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા માંગરોળ શહેર અને તાલુકાની ધર્મપ્રેમી જનતાને રામનવમી દિવસે બપોર બાદ પોતાના ધંધા-રોજગાર બંદ રાખી બહોળી સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાવવા અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં વિહિપના મહેશભાઈ ઘેરવડા, બજરંગ દળ પ્રમુખ ધવલ પરમાર, કમલેજી સહિત આગેવાન કાર્યકરો અને શ્રીરામ ધુન મંડળના સૈલેશભાઈ યાદવ, ભાજપના લિનેશભાઈ સોમૈયા, ભગીરથસિંહ ચુડાસમા, વંદેમાતરમ ગૃપના સુદીપભાઈ ગઢિયા, ગૌરક્ષા સેનાના ગોવિંદભાઈ, સુરજભાણ સહિત વિવિધ હોદ્દેદારો વેપારીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેંદરડા સાસણ રોડ ઉપરથી મોટર સાયકલમાં દારૂની હેરાફેરી : ત્રણ સામે કાર્યવાહી

મેંદરડા તા.૨૧

મેંદરડા પોલીસે ગઈકાલે મેંદરડા સાસણ રોડ ઉપરથી એક મોટર સાયકલમાંથી ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવા સબબ બે શખ્સોને ઝડપી લીધા હતા જયારે એક શખ્સ હાજર નહી મળી આવતા કુલ ૩ શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મેંદરડાના પોલીસ કોન્સ્ટેબલ જે એમ સિંધવે પ્રકાશભાઈ ઉર્ફે ભોલો ભિખાભાઈ (ઉવ. ૩૧ રહેવાસી મેંદરડા,) સુમિતભાઈ કાન્તીભાઈ (ઉવ.૧૯ રહેવાસી મેંદરડા) તેમજ હાજર નહી મળી આવેલ અન્ય એક શખ્સ મળી ૩ વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે આરોપીએ પોતાના હવાલાવાળી મોટર સાયકલ હિરો કંપનીની સિલ્વર કલરની ડિલક્સ જેના નંબર જીજે ૧૧ બી-જી. ૫૮૨૪વાળીમાં ગેરકાયદેસર રીતે ઈંગ્લીશ દારૂ બોટલ નંગ ૨૪ મોબાઈલ ફોન તથા ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ વગેરે મળી કુલ રૂા.૨૫૬૦૦ના મુદામાલ સાથે બે આરોપીને ઝડપી લેવામાં આવેલ હતા જયારે અન્ય એક આરોપી હાજર નહી મળી આવેલ હોય કુલ ૩ સામે પોલીસ ફરીયાદ નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શાપુર ગામ નજીક અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા અજાણ્યા શખ્સનું મૃત્યું

જૂનાગઢ તા.૨૧

વંથલી તાલુકાના શાપુર ગામે રહેતા મનસુખભાઈ ઉર્ફે કિશોરભાઈ ચૌહાણ ઉવ.૫૮એ પોલીસમાં એવી જાહેરાત કરી છે કે ગત તા.૧૧-૩-૨૩ ૧૭-૩૦ કલાકે શાપુર ગામ નજીક બનેલા બનાવમાં એક અજાણ્યો પુરૂષ રોડ ક્રોસ કરતો હતો ત્યારે અજાણ્યા સફેદ કલરના ફોર વ્હીલના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે ચલાવી અને અજાણ્યા પુરૂષને ટકકર મારી અને ઈજા પહોચાડી નાસી છુટયો હતો દરમ્યાન અજાણ્યા પુરૂષને સારવાર માટે દાખલ કરવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે વંથલી પોલીસે આ બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભેસાણના બરવાળા કોલેજ ચોકડીએ એસટી બસ સ્ટોપ ફાળવાયો

(રેનિશ મહેતા દ્વારા) ભેસાણ તા.૨૨

જૂનાગઢ અને જેતપુરથી બગસરા, અમરેલી તરફ જતી એસટી બસ માટે બરવાળા કોલેજ ચોકડી ખાતે કાયદેસર સ્ટોપ હતો નહીં, જેથી ઘણી ખરી બસ ત્યાં ઉભી રાખવામાં આવતી ન હોવાથી મુસાફરો પરેશાન હતા. આ લોક પ્રશ્નને મામલતદાર દ્વારા સ્વાગત કાર્યક્રમમાં લેવામાં આવ્યો હતો. જેને ધ્યાને લઈને એસટી ડિવિઝનના વિભાગએ નિયામકે બરવાળા કોલેજ ચોકડી ખાતે બસ સ્ટોપ ફાળવી દેતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# જૂનાગઢના પોલીસ કર્મીનો શાપુર નજીકની વાડીમાંથી મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં ફરજ બજાવતા પોલીસ કર્મી ગુમ થયા બાદ શોધખોળ હાથ ધરાઈ હતી. અને અંતે તેમનો મૃતદેહ મળી આવતા પોલીસબેડામાં અને પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ અંગેની મળતી વિગત મુજબ જૂનાગઢ પીટીસીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા બ્રીજેશ ગોવિંદભાઈ લાવડીયા (ઉ.વ.૪૮) કોઈ કારણસર સોમવારે પીટીસી કોલેજમાંથી નિકળી ગયા હતા અને વંથલી પોલીસ તેમજ પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. અને શાપુરના સીસીટીવી કેમેરામાં શાપુર બહારના રસ્તા તરફ જતા જોવા મળ્યા હોય એ દિશામાં તપાસ શરૂ કરતા ખારા વિસ્તારમાં આવેલ ચીકુડીના બગીચામાં લટકતી હાલતમાં તેમનો મૃતદેહ જોવા મળતા વંથલી પોલીસ સ્ટેશનના પીએસઆઈ મકવાણા, પીએસઆઈ સોનારા તથા સ્ટાફ સ્થળ ઉપર દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. પોલીસ કર્મીએ ક્યા કારણોસર આપઘાત કર્યો તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.


**જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે**

જૂનાગઢમાં આવેલ શીતલાકુંડ પાસે વેલકમ સ્કુલની બાજુમાં 3 BHK ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે

ઉચ્ચ જ્ઞાતિ માટે

દિનેશભાઈ બુધ્ધદેવ

:: કોન્ટેકનંબર ::

મો. ૯૮૭૯૯ ૨૭૬૦૫

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અધતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

**બીના ઈલેકટ્રોનિક્સ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**

અધતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

ભગંદર, હરસ-મસા, ફિશર

સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર

બાળકો માટે સુવર્ણપ્રાશન

વ્યસનમુક્તિ સારવાર

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**

M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર

રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

**ૐ આયુર્વેદ હોસ્પિટલ**

Aum Ayurved Hospital

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

e_mail : aum.ayurved.hospital@gmail.com

પાર્સલ સેવા આપવામાં આવશે

**રાજ ડાયનીંગ હોલ**

• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી

• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં

• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.


**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦

મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦

પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦

"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"

**: સુભાષ :**

પાણીપુરી

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

પવિત્ર રમજાન મહિના

સ્પે. પાઉ

સ્પે. બ્રેડ

સ્પે. નાનરોટી

રોજે રોજની તાજી મળશે

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**વંદના બેકરી**

તળાવ દરવાજા રોડ જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨